


**ૐ શ્રી સાઈનાથ મંદિર-વાંઝ**

- સંચાલક -

શ્રી મનહરભાઈ કેશવભાઈ રાઠોડ

મુ.પો. વાંઝ, વાયા-સચીન, તા. ચોર્યાસી, જી. સુરત.

મો. ૯૭૨૫૫ ૦૬૯૫૨

Printed By : APPLE GRAPHICS, NVS. # PH: (02637) 256645

# શ્રી સાઈ બાબા જન્મસ્થાન મંદિર, પાથરી .. માર્ગદર્શિકા




સંકલન અને સંપાદન

**વિ. બા. ખેર**

ગુજરાતી અનુવાદ

**ડૉ. આશા આર. પટેલ**



પાથરીનું જન્મસ્થાન મંદિર


બાબાના કુળદેવતા હનુમાનજી

# શ્રી સાઈબાબા જન્મસ્થાન મંદિર, પાથરી.

# માર્ગદર્શિકા

સંકલન અને સંપાદન

વિ. બા. ખેર

ગુજરાતી અનુવાદ

ડૉ. આશા આર. પટેલ

# શ્રી સાઈબાબા જન્મસ્થાન મંદિર, પાથરી - માર્ગદર્શિકા


પ્રકાશક

શ્રી મનહરભાઈ કેશવભાઈ રાઠોડ

શ્રી સાઈબાબા મંદિર

મુ.પો. વાંઝ, વાયા. સચીન,

તા. ચોર્યાસી, જિ. સુરત.

મો : ૯૭૨૫૫ ૦૬૯૫૨

મુદ્રક :

એપલ ગ્રાફિક્સ

જૈન સોસાયટી, ફૂવારા પાસે, નવસારી.

ફોન : (૦૨૬૩૭) ૨૫૬૬૪૫

પ્રથમ સંસ્કરણ - માર્ચ ૨૦૧૦

મૂલ્ય : રૂા. ૧૧/-




## અંતરંગ


પ્રસ્તાવના ---------------------------------------- ૪

શ્રી સાઈબાબાના જન્મસ્થાનની શોધ ---------------------- ૭

પાથરી સાઈ જન્મસ્થાન મંદિર સ્થાપના મહત્વપૂર્ણ ઘટનાઓ -------------------- ૨૩

સ્વામી સાઈશરણાનંદ - અલ્પ પરિચય -------------------- ૨૯

શ્રી બલ્બબાબા - અલ્પ પરિચય ------------------------ ૩૭

પાથરી સાઈ જન્મસ્થાન મંદિરમાં ઉજવાતા વાર્ષિક ઉત્સવો --------- ૪૦

શ્રી સાઈબાબા અષ્ટોત્તરશતનામાવલિ ---------------------- ૪૧

નામસ્મરણનું મહત્વ ---------------------------------- ૫૦

અહંભાવ ઓછો કેવી રીતે કરવો ? ----------------------- ૫૧

શ્રી સાઈ મરાઠી આરતી -------------------------------- ૫૨

# પ્રસ્તાવના

સમર્થ રામદાસ સ્વામીજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જ્યાં મન અને તનની શાંતિ અનુભવાતી હોય ત્યાં જવા માટે પૂણ્યની જરૂર હોય અને આવો અનુભવ જીવનમાં શ્રદ્ધાળુ અને વિવેકી પ્રવૃત્તિઓના લોકોને જ આવે છે. મનુષ્યમાં આ પ્રકારની પ્રવૃત્તિ હોવું ખૂબ જ જરૂરી છે. દત્તકૃપાથી આવા પ્રકારનો એક અનોખો અનુભવ અનુભવાયો. આ જાણકારી અભ્યાસુઓ, સંશોધક, શ્રદ્ધાળુ અને જિજ્ઞાસુ લોકોની દષ્ટિએ મહત્વપૂર્ણ માની શકાય છે.

સાઈબાબા એક શ્રેષ્ઠ અવતારી પુરુષ હતાં. એમના પર ઘણા ભક્તોએ વિપુલ સાહિત્ય લખ્યું છે. પરંતુ સાઈબાબાનું ખાનદાન તેમનું ગોત્ર, મૂળ સ્થાન અને જન્મભૂમિ વિશે આજ સુધી કોઈ પણ પ્રકારની ચોક્કસ સૂચના પ્રાપ્ત થતી ન હતી. ઉપરોક્ત વિષય પર કેટલીક કથાઓ પ્રચલિત છે. શ્રી વિશ્વાસરાવ ખેર છેલ્લા ૨૫ વર્ષોથી આ વિષય પર સંશોધન કરતા હતા. આ કાર્ય માટે તેમને ખૂબ પરિશ્રમ કરવો પડ્યો. કેટલીક જગ્યાનો પ્રવાસ તેમણે કરવો પડ્યો. કંઈ કેટલાક લોકોની મુલાકાત અને પ્રાપ્ત પુરાવાને ચકાસતા તેઓએ ક્યારેય પણ થાક અનુભવી નથી.

ભૂતપૂર્વ હૈદ્રાબાદ નિજામ રાજ્યનો મરાઠવાડા એ સંતોની ભૂમિ છે જે આજે મહારાષ્ટ્રમાં છે. આ ઈતિહાસ તે પ્રદેશની પરંપરાને ચાર ચાંદ લગાવી દે છે. ગોદાવરી નદીના પવિત્ર તટ પર આ પૂણ્યભૂમિ આવી છે. વાસુદેવાનંદ સરસ્વતીનાં શિષ્ય યોગાનંદ સરસ્વતી (ઊર્ફે ગાંડા મહારાજ)નું ગુંજ નામનું ક્ષેત્ર દત્તકૃપાનો એક અંશ છે. પરભણી જિલ્લામાં પાથરી નામનું એક ગામ છે. ''પ્રાચીન સમયે પાથરી ગામ પાર્થપુર અથવા પ્રાર્થ નામે ઓળખાતું હતું. આ પાથરી ગામના ભુસારી પરિવારના એક બ્રાહ્મણ કુળમાં સાઈબાબાએ જન્મ લીધો. તેમનું નામ હરિ હતું. ભુસારી પરિવારનું પાથરીમાં આવેલું ઘર ઉજળી ગયું હતું. આ ઘરનાં થોડા અવશેષો બાકી રહ્યાં છે.''[૧]

જૂન ૧૯૭૮માં આ જગ્યા શ્રી સાઈ સ્મારક સમિતિ પાથરી પ્રસ્થાપિત કરવાના આશયે વિશ્વાસ ખેર અને દિનકર ચૌધરીએ પ્રોફેસર ભુસારી પાસેથી આ સંસ્થાના નામે ખરીદી. ૧-૬-૧૯૭૮માં આ જગ્યાની ખરીદીનો દસ્તાવેજ સેલૂની



સબરજિસ્ટ્રાર કચેરીમાં થયો.

''મુંબઈમાં સુભાષ દલી નામના એક જાણીતા આર્કિટેક્ટ છે. એમના દ્વારા ખૂબ જ કલાત્મક રીતે તૈયાર થયેલ નકશાને આધારે જન્મસ્થાનની પ્રાચીન ભૂમિ પર સંગેમરમરનું મંદિર તૈયાર થયું.'' મંદિરનું ગર્ભગૃહ પૌરાણિક સમયના ઘરના પ્રસવ કક્ષ પર છે. આ ગર્ભગૃહમાં સાઈબાબાની પંચધાતુની સાડા પાંચ ફૂટ ઊંચી મૂર્તિ છે. આ મૂર્તિ અદ્‌ભૂત છે.

નવા નકશાને આધારે મંદિર તૈયાર થયું છે. ભૂસારી પરિવારના પ્રાચીન ઘરનો શેષ ભાગ બાકી હતો. તે શેષભાગને મંદિરના ભોંયતળિયામાં સુરક્ષિત રાખવામાં આવ્યો છે. પ્રાચીન ઘરનો માટી અને પથ્થરથી બનેલો કેટલોક ભાગ અને પ્રસૂતિરૂમ છે. ખોદકામ કરતી વખતે મળેલ કેટલાક પૂજાના સાધનો, હનુમાનજીની મૂર્તિ અને એક માટીનો ઘડો અહીં સુરક્ષિત રાખવામાં આવેલ છે. પ્રાચીન વસ્તુના દર્શન શ્રદ્ધાળુઓ સરળતાથી કરી શકે છે.

''ભોંયતળિયામાં એક ધ્યાન મંદિર છે. ત્યાં સાઈબાબાનું એક ભવ્ય તૈલચિત્ર રાખવામાં આવ્યું છે. આ ચિત્રને જમણે અને ડાબે સ્વામી સાઈશરણાનંદ અને બલ્બબાબાની તસ્વીર છે. સંગેમરમરનો અત્યંત કલ્પનાત્મક રીતે ઉપયોગ થયો છે. મંદિરનું નિર્માણ, વિદ્યુત વ્યવસ્થા, ધ્વનિ વ્યવસ્થા, રંગરોગાન વ્યવસ્થિત રીતે કરવામાં આવી છે.''[૩]

ભુસારી ખાનદાન વિશેની પ્રાપ્ત જાણકારી શ્રી વિશ્વાસરાવ ખેરે શ્રી સાઈબાબાના જન્મસ્થળની શોધ લેખમાં વિસ્તૃત રૂપે આપી છે. પાથરીના સાઈ મંદિરના નિર્માણની મહત્વપૂર્ણ બાબતો આ માર્ગદર્શિકાના બીજા લેખમાં દર્શાવી છે. તે ઉપરાંત શ્રી સાઈશરણાનંદ સ્વામી અને બલ્બબાબાના આશીર્વાદથી સાઈ મંદિર સાકાર થયુ તે બન્ને વિભૂતિઓનો અલ્પ પરિચય પણ આ પુસ્તિકામાં છે.

આજે પાથરી ગામ જવા માટે સરકારી બસ સેવા મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે. પાથરી જવા માટે મુંબઈ, પૂણે, સોલાપુર, અક્કલકોટ, ઔરંગાબાદ, નાંદેડ, અકોલા, પરભણી, ઉસ્માનાબાદ, લાતૂર જેવા મોટા શહેરોથી બસ ઉપલબ્ધ છે. મનમાડ, ઔરંગાબાદ, જાલના, પરભણી, નાંદેડ રેલ્વે માર્ગ સેલૂ અને માનવત રોડ સ્ટેશનથી આ ભાગ જોડાયેલ છે. સેલૂ સ્ટેશનથી પાથરી જવા માટે દર અડધા કલાકે

બસની સુવિધા છે. તે ઉપરાંત રીક્ષાની સુવિધાઓ છે. પાથરી બસ સ્ટેશનથી મંદિર ૧ કિ.મી. દૂર છે. આ બસ સ્ટેશનના પાછળ સંત સાઈબાબા માર્ગ પર સાઈલોજ પણ આવેલ છે.

૧. ડૉ. ભીમાશંકર દેશપાંડે "શ્રી સાઈ જન્મભૂમિ, પાર્થપુર" ભક્તિસંગમ માર્ચ - ૨૦૦૦

૨. તત્રૈવ

૩. તત્રૈવ

## આભાર

પ્રસ્તુત મરાઠી પુસ્તકનું ગુજરાતીમાં અનુવાદ કરવાની અનુમતિ શ્રી સાઈ સ્મારક સમિતિ, પાથરી અને લેખક વિશ્વાસરાવ ખેરે મને આપી તે માટે હું એમની આભારી છું.



# શ્રી સાઈબાબા જન્મસ્થાનની શોધ

સાઈબાબાનો જન્મ, જન્મસ્થાન અને પારિવારિક પૂર્વ પેઢીનું રહસ્ય જાણવા માટે લેખક શ્રી વિશ્વાસ ખેર એમની પત્ની સાથે જૂન ૧૯૭૬માં પાથરી ગામે પ્રસ્થાન કર્યું. તેમણે ગામવાસીઓ સાથે થયેલી વાતોનું વિશ્લેષણ કરી પરિશ્રમ અને પૂરી સાવચેતીથી પુરાવાઓ એકઠા કર્યા. અને ત્યારબાદ તેમણે ખૂબ સાવધાની અને કુશળતાપૂર્વક બધા પુરાવાઓનું સંચય કર્યું. આ પુરાવાઓને આધારે અમે અંદાજ કરી શકીએ છીએ કે પાથરી ગામ સાઈબાબાની જન્મભૂમિ છે અને અહીંના જ દેશસ્થ બ્રાહ્મણ ભુસારી પરિવારમાં સાઈબાબાનો જન્મ થયો હતો.

ધુમાલજી જેઓ સ્વયં સાઈબાબાના પરમભક્ત અને નાસિકના પ્રખ્યાત વકીલ હતા. એમણે ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટના સવાલોના જવાબ આપતા કહ્યું હતું કે "સાઈબાબા ન હિંદુ છે ન મુસલમાન પરંતુ તેઓ આ બન્ને ધર્મોથી શ્રેષ્ઠતમ હતા."[૧] ધુમાલજીનો આ જવાબ યર્થાથ અને અર્થપૂર્ણ છે કેમ કે અવતારી પુરુષોની જાતિભાતિ પર ધ્યાન ન આપતા તેમની સાથે સદૈવ આદર સન્માનની ભાવનાથી વ્યવહાર કરવો એ આવશ્યક અને ઊચિત ગણાય છે. એક મરાઠી કહેવત અનુસાર નદીનું ઉદ્ગમ અને ઋષિનું કુળને વધારે મહત્વ નહીં આપવું જોઈએ કેમ કે આ બન્નેનો પ્રારંભ જોતા કેટલીક વખત જિજ્ઞાસુ લોકોને નિરાશા થઈ શકે છે. આ કહેવત જે હેતુથી નિર્માણ થઈ તે ભૂમિકા વર્તમાનકાળમાં માન્ય નથી. આજકાલના વિજ્ઞાનપ્રધાન બુદ્ધિજીવી યુગમાં બધા તત્વોને ચકાસણી માટે એની જડ શોધવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે. કોઈ પણ ધર્મના સૂત્રોને જો વ્યાપક સ્તર પર માન્યતા મેળવવી હોય તો તેણે બુદ્ધિ, વિવેક અને વ્યાપક સ્તરના તત્વોની ન્યાય કસોટી પાર કરવી અત્યંત જરૂરી છે.[૨] આ સૃષ્ટિથી સમયની રેત પર જેમના પગલા પડે છે તે સાધુજનોના સિદ્ધાંતોની ભૂમિકા શોધવી ઉચિત મનાય છે. પ્રા. એરિક એચ. એરિક્સનનાં 'ગાંધીજીનું સત્ય' 'Gandhi's Truth' નામના ગ્રંથમાં એક પાશ્ચાત્ય માનસશાસ્ત્રજ્ઞની મહાત્મા ગાંધીના ઐતિહાસિક વાસ્તવ અને એમની દૃષ્ટિથી જે સત્ય છે તેની શોધનું વર્ણન છે [૩] જેઓએ આ ગ્રંથને વાચ્યો છે તેઓને ઉપરોક્ત વિધાનનો ગર્ભિતાર્થ માલમ પડે છે.

સાઈબાબાનું જન્મસ્થાન તેમનું ખાનદાન વગેરેની જાણકારીના વિશ્લેષણથી

એમના જીવન વિષયક ઘટનાઓની પ્રાપ્તિ થશે એવી શ્રદ્ધાથી ૧૯૭૫માં મે પત્ની સાથે મરાઠવાડાની યાત્રા શરૂ કરી. તે સમયે જે જાણકારી મને પ્રાપ્ત થઈ છે તેને મે આ લેખમાં પ્રસ્તુત કર્યા છે. સૌ પ્રથમ સાઈબાબાનું સ્વરૂપ, એમનો પોશાક અને ખાવાપીવાની આદતો, તે સમયના શિરડી ગામની દશા, સાઈબાબાના જન્મસ્થાન અને એમના પરિવાર સંબંધી અલગ અલગ વિચાર હું સંક્ષેપમાં વ્યક્ત કરું છું.

સાઈબાબાનું શરીર હૃષ્ટપુષ્ટ હતું. તેઓ આજાનુબાહુ હતા. તેઓ મધ્યમ કદના હતા. એમનો રંગ સફેદ કેતકી જેવો હતો. એમની આંખો ચમકીલી અને તેજસ્વી હોવાથી એમની આંખો થકી પ્રથમ દર્શનમાં એમની આગવી છાપ પડતી હતી. બાબાની આંખોમાં એટલું બધુ તીવ્ર તેજ હતું કે એમની આંખો તરફ જોનારને એમ લાગતું કે એમનું સંપૂર્ણ અંતઃકરણ એમની સામે પ્રકટ થઈ રહ્યું છે. [૪] તેમના કાન છેદાયેલા હતા [૫] અને એમની સુંતા પણ થઈ ન હતી. [૬] આને કારણે તેઓ હિંદુ હોવાના અનુમાન થતા હતા. તેમનો પહેરવેશ ફકીર જેવો હતો અને તેઓ એક ખંડેર જેવી મસ્જિદમાં રહેતા હતા. જેને તેઓ દ્વારકામાઈ કહેતા હતા. મસ્જિદમાં કાયમ ધૂણી પ્રજવલિત રહેતી હતી. ભક્તોને શંખ અને ઘંટનાદ દ્વારા પૂજા કરવાની અનુમતિ હતી.

મસ્જિદની બહાર આંગણામાં તુલસી વૃંદાવન હતું. બાબાના હિંદુ ભક્ત આ જ આંગણામાં રામનવમીનો તહેવાર પણ ધૂમધામથી ઉજવતા હતા. બાબા પણ આ તહેવારમાં ખૂબ આનંદથી જોડાતા હતા. તે જ દિવસે સ્થાનિક મુસલમાન લોકો સંદલ જુલુસ કાઢતા હતાં. બાબા તેઓને પણ ના નહી પાડતા હતા. ખાવાની બાબતમાં બાબા ઉદાર મતવાદી હતા. બીજા ફકીરો સાથે સાથે તેઓએ માંસ-માછલીનું સેવન કર્યું હતું એવું લોકો કહે છે. અલ્લા માલિક શબ્દ કાયમ રટતા હતા. પરંતુ રામ, કૃષ્ણ, ગણેશ, શિવ, હનુમાન, દત્તાત્રેય અથવા ભક્તોના ગુરુ સ્વરૂપે પણ તેઓ દર્શન આપતા હતા. નાનાસાહેબ ચાંદોરકર સાથે બાબાએ જે ગીતાપાઠ કર્યા તેનાથી સ્પષ્ટ થાય છે કે તેઓને ભગવદ્ગીતાનું સૂક્ષ્મ અને યર્થાથ જ્ઞાન હતું. કેટલીક વાર બાબા મુસલમાન સાથે કુરાન પણ વાંચતા. તેઓને ઘણી ભાષાનું જ્ઞાન હતું પરંતુ આ જ્ઞાન ક્યારે અને કેવી રીતે મેળવ્યું તેની કોઈ જાણકારી કોઈ પાસે પણ નથી.



આમ બાબા એક અસામાન્ય વ્યક્તિ હતા. તેઓની મનોભૂમિ પ્રાચીન વિખ્યાત સંતો અને યોગી જેવી હતી. તેઓ પર સૂફીપંથનો પ્રભાવ હતો. આ બધાની સાથે એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે એક વાર કોર્ટ દ્વારા નિમાયેલ એક પૂછપરછ અધિકારી સામે જુબાની આપતા સમયે તેઓએ કહ્યું હતું કે તેમનો ધર્મ અથવા વિચાર પ્રણાલી 'કબીર' છે. [૭]

સોલિસીટર અને મુંબઈ વિધાન પરિષદના માજી સદસ્ય સીતારામ દીક્ષિત સાઈબાબાના ખૂબ જ નીકટના નિઃસ્વાર્થ ભક્ત હતા. શ્રી સાઈચરિત્રનાં ઉપોદઘાતમાં તેઓએ લખ્યું છે કે સાઈ મહારાજ મૂળ ક્યાંના રહેવાસી છે તેઓના માતાપિતા કોણ હતા એ વિશે ચોક્કસ જાણકારી મળતી નથી પરંતુ એટલું તો અમે માનીએ છીએ કે મોગલ પ્રાંત સાથે મહારાજનો નજીકનો સંબંધ રહ્યો છે. મહારાજના વક્તવ્યમાં શેલૂ, જાલના, માનવત, પાથરી, પરભણી, ઔરંગાબાદ, બીડ, બેદર જેવા મોગલ પ્રાંતના ગામોના નામ ચોક્કસ આવે છે. એકવાર પાથરી ગામના એક ગૃહસ્થ બાબાના દર્શન અર્થે આવ્યા હતા. બાબાએ તેઓને પાથરી સંબંધી ઘણી વાતચીત કરી હતી. તેઓએ તે સમયે ગામની ચોક્કસ વ્યક્તિઓ વિશે જ પ્રમાણેની વાતો કરી હતી તેના પરથી કહી શકાય કે પાથરી ગામની વિશેષ માહિતીથી તેઓ જાણકાર હતા. પરંતુ તેઓનો જન્મ પાથરી ગામનો જ છે એવુ ચોક્કસ અનુમાન અમે કરી શકતા નથી. એ જ રીતે તેઓ બ્રાહ્મણ હતા કે મુસલમાન તેનો પણ ચોક્સ અંદાજ અમે લગાવી શકતા નથી.[૯]

માલસાપતિ સાઈબાબાના બધાથી જૂના પ્રિય ભક્ત હતા. તેઓને સ્વયં બાબાએ એક વખત કહ્યું હતું કે તેમનો (સાઈબાબાનો) જન્મ પાથરી ગામના બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. બાળપણમાં તેમના માતાપિતાએ તેમને એક ફકીરના હાથમાં સોંપી દીધા હતા. સાઈબાબાએ આ વાત કીધા પછી થોડા જ વખતમાં પાથરી ગામના એક વ્યક્તિ કોઈ કામસર શિરડી નજીક કોહાલા નામના ગામે આવ્યા હતા. જ્યારે તે સજ્જન શિરડી આવ્યા હતા ત્યારે બાબાએ પાથરી ગામના કંઈ કેટલી વ્યક્તિઓ વિશે નામ સહિત પૂછપરછ કરી હતી.[૧૦] ભગત માલસાપતિ ખૂબ જ સરળ સ્વભાવના સત્યવક્તા હતા. એમના વૈરાગ્યને કારણે સાઈબાબા પણ તેમને ખૂબ જ માન આપતા હતા. એટલા માટે એમનું ઉપરોક્ત નિવેદન ખૂબ જ મહત્વપૂર્ણ

અને વિશ્વાસપાત્ર છે એવુ આપણે માની શકીએ છીએ.[૧૧]

પોતાના માતાપિતા સંબંધી કોઈ પણ વિચારને સાઈબાબાએ પુષ્ટિ આપી નથી. એમનું કહેવું હતું કે 'પુરુષ' એ એમના પિતા અને 'માયા' એ એમની માતા છે. જે અનુસંધાનમાં પોતાની આખી જિંદગી વિતાવી છે તેવા એક ચરિત્ર લેખકે લખ્યું છે કે બાબાનો જન્મ એક રહસ્ય છે. અને એમના વિશે ચોક્કસ જ્ઞાન ધરાવતા કોઈ એવા એક પણ વ્યક્તિ સાથે એમની મુલાકાત થઈ નથી.[૧૨]

વામન પ્રાણગોવિંદ પટેલ વ્યવસાયે એક સોલિસીટર હતા. તેઓ એક એવી હસ્તી છે જેમના વિચારો બાબાના જન્મ રહસ્યની જાણકારીમાં મહત્વપૂર્ણ માનવા ખૂબ જ જરૂરી છે. ઈ.સ. ૧૯૫૩માં એમણે સંન્યાસ ધર્મની દિક્ષા ગ્રહણ કરી હતી. તે ઉપરાંત એઓ સ્વામી સાઈશરણાનંદ નામે પણ ઓળખાવા લાગ્યા. એમણે ધારણ કરેલ નામ જ સાઈબાબા પ્રત્યેનો તેમનો આદર અને ભક્તિ સૂચવે છે. પ્રસ્તુત વિષય પર જો એમના મતને પ્રમાણિત માનવો હોય તો એમના દ્વારા ગુજરાતી ભાષામાં લખાયેલ સાઈચરિત્ર પરથી એમનું આ વિષય પરનું પ્રભુત્વ જાણી શકાશે.

''વામન ગોવિંદ પટેલનો જન્મ ૫ મી એપ્રિલ ૧૮૮૯માં થયો હતો અને તેઓ અત્યારે પણ જીવીત છે.''[૧૩] ઈ.સ. ૧૯૧૦માં તેઓ મુંબઈની એલફિન્સટટ કોલેજમાંથી તત્વજ્ઞાનના વિષય સાથે ઉત્તીર્ણ થયા હતા. એમણે ૧૯૧૨માં એલ.એલ.બી.ની પદવી પ્રાપ્ત કરી હતી. સ્વામી વિવેકાનંદની જેમ એમને પણ પ્રત્યક્ષરૂપે ઈશ્વરદર્શનની અભિલાષા હતી. તેઓ આ જ કારણથી હંમેશા સાધુ સંતોને મળતા હતા પરંતુ એમની આ ઈચ્છા કોઈ પણ પૂરી કરી શક્યું ન હતું. આ કારણે એમના પિતાજીએ એમને સાઈબાબાને મળવાનું કહ્યું હતું. ૧૦ ડિસેમ્બર ૧૯૧૧ના રોજ વામનભાઈ મુંબઈથી નીકળી બીજા દિવસે કોપરગામ પહોંચીને ત્યાંથી ઘોડાગાડી દ્વારા શિરડી જવા નીકળ્યા. ઘોડાગાડી જ્યારે લેંડી પહોંચી ત્યારે ઘોડાગાડીવાળાએ ઘોડાગાડી રોકીને કહ્યું કે સામે જુઓ પેલા સાઈબાબા જઈ રહ્યાં છે. વામનભાઈ તરત જ ઘોડાગાડીમાંથી કૂદી પડ્યા. એમણે સાઈબાબાને પ્રણામ કર્યા ત્યારે ખૂબ જ આશ્ચર્ય વચ્ચે સાઈબાબાએ એમને કહ્યું કે પરમેશ્વર છે ઈશ્વર નથી એમ શા માટે કહો છો ? સાઈબાબા સાથે થયેલ પ્રથમ મુલાકાતનું વૃતાંત



સ્વામી શરણાનંદે આ લેખકને સવિસ્તાર કહ્યું હતું. આ મુલાકાતથી વામનભાઈના જીવનમાં મોટું પરિવર્તન આવનાર હતું. તેમના મનમાં જન્મેલ બધી જ શંકા સંપૂર્ણ રીતે સમી ગઈ અને એમણે અનુભવ્યું કે સદ્‌ગુરુના રૂપમાં અપનાવવા લાયક ગુરુ એમને પ્રાપ્ત થયા છે. એ પછી ૧૯૧૩માં ઉનાળાની રજાઓમાં વામનભાઈ ફરીથી શિરડી ગયા હતા. એ વખતે સાઈબાબાએ એમને ૧૧ મહિના સુધી શિરડીમાં રોકી લીધા અને એક દિવસ અચાનક બાબાએ કંઈ પણ કીધા વિના વામનભાઈને શિરડી છોડી જવા કહ્યું. શિરડીના નિવાસ દરમ્યાન તેમને ભિક્ષા માગવા મોકલતા હતા. વામનભાઈ આ સમય દરમ્યાન સાઈબાબાના અત્યંત નિકટ આવ્યા હતા. ''બાબા ખૂબ પ્રેમથી એમને બાબુ કહીને બોલાવતા હતા.'' [૧૪] વામનભાઈએ સૉલિસિટરની પરીક્ષા પાસ કરી સૉલિસિટરનો વ્યવસાય શરૂ કર્યો. પરંતુ એમને નૈતિક એમને આધ્યાત્મિક તત્વોમાં વધારે રસ હતો. આ કારણે એમણે અમદાવાદના 'સસ્તું સાહિત્ય વર્ધક' કાર્યાલય માટે વિશાળ માત્રામાં લેખન કાર્ય કર્યુ. તેઓએ મરાઠી ભાષામાં લખાયેલ 'શ્રી સાઈ ચરિત્ર'નો ગુજરાતી ભાષામાં સરળ અનુવાદ કર્યો હતો. જો કોઈએ સાઈબાબાના જીવન અને તત્વજ્ઞાન સંબંધી વિશ્વાસપૂર્ણ અભ્યાસ કરવો હોય તો તેમણે વામનભાઈનું ગુજરાતી ભાષામાં લખાયેલ સાઈચરિત્રનું અવલોકન અવશ્ય કરવું જોઈએ.''[૧૫]

સાઈ સ્વામી શરણાનંદ સંબંધી આટલી જાણકારી મેળવ્યા બાદ એમણે સાઈબાબા પ્રતિ કયા વિચારો વ્યક્ત કર્યા છે એની જાણકારી હવે આપણે મેળવી લઈએ. સ્વામી સાઈ શરણાનંદ જાહેર કરે છે કે બાબા સ્વયંને બ્રાહ્મણ માનતા હતા એ વાત સર્વસામાન્ય છે. કોઈ પણ વ્યક્તિ એમના બ્રાહ્મણત્વ પર શંકા કરતા ત્યારે તેઓ નારાજ થઈ જતા હતા. ૧૯૧૨માં વામનભાઈના પિતા જલંધરની વ્યાધિથી પીડાતા હતા. તેમનું સ્વસ્થ થવું અસંભવ હતુ તે જ વર્ષના ડિસેમ્બર મહિનામાં વામનભાઈ શિરડી ગયા હતા. વામનભાઈના વિચાર જાણીને સાઈબાબાએ તાત્કાલિક એમના પિતાને શિરડી લઈ આવવા કહ્યું. બાબાની આ વાત સાંભળીને સાઈશરણાનંદના મનમાં વિચાર આવ્યો કે સનાતનવૃત્તિ ધરાવતા પોતાના પિતા આ મુસલમાન ફકીર પાસે આવશે ખરા ? તે સમયે બાબા તાત્કાલિક બોલી ઊઠ્યા કે શું હું બ્રાહ્મણ નથી? સ્વામીજીએ એવું પણ લખ્યું છે કે માલસાપતિ જે બાબાના સૌથી નજીકના

ભક્ત છે તેમને સ્વયં બાબાએ કહ્યું હતું કે તેમના જન્મ એક દેશસ્થ બ્રાહ્મણ પરિવામાં થયો હતો અને તેમને બાળપણમાં ફકીરના હાથે સોંપી દીધા હતા.[૧૬] સ્વામી શરણાનંદ આગળ વધુમાં લખે છે કે એકવાર વાતોમાં ને વાતોમાં બાબાએ પોતે એમને કહ્યું હતું કે "પોતાની આઠ વર્ષની ઉમરમાં પોતે પોતાનું ઘર, પોતાના માતાપિતાનો ત્યાગ કરી ગંગા કિનારે (બાબા ગોદાવરી નદીને ગંગા કહેતા હતા) આવ્યા હતા."[૧૭]

સુમન સુંદરજીએ પણ સાઈબાબાની જન્મકથા વિશે એક લેખ લખ્યો હતો.[૧૮] સુમનજીને આ જાણકારી માધવનાથ નામના સાધુપુરુષ પાસેથી પ્રાપ્ત થઈ હતી. એવું એમનું કહેવું છે. તે લેખનો સારાંશ સ્વામી સાઈ શરણાનંદના ગુજરાતીમાં લખાયેલ સાઈબાબા ચરિત્રના સોળમા પાના પર છે. પાથરી ગામના એક યજુર્વેદી બ્રાહ્મણ હતા. તેઓને ત્રણ પુત્ર હતા. તે ત્રણેમાંથી સૌથી મોટા સાઈબાબા હતા. જ્યારે સાઈબાબા પાંચ વર્ષના હતા ત્યારે તે બ્રાહ્મણના ઘરે એક ફકિરે આવીને કહ્યું હતું કે જે જેનું છે તે એને આપી દો. મારી પાસે જે કંઈ છે તે બધુ આપનું જ છે એવો જવાબ તે બ્રાહ્મણે આપ્યો. ત્યારે ફકિરે બ્રાહ્મણ પાસે તેના મોટા છોકરાની માંગ કરી તેને સાથે લઈને ચાલી નીકળ્યા. ચાર વર્ષ પછી તે ફકિર પાછો આવ્યો અને બ્રાહ્મણની સહમતિથી તે બાળકને ત્રણ વર્ષ માટે પાછા પોતાની સાથે લઈ ગયા. આ કારણે જ બાર થી અઢાર વર્ષની ઉમર સુધી સાઈબાબા પાછા અજ્ઞાતવાસમાં રહ્યા હતા. ઓગણીસ વર્ષની ઉમરમાં તેઓ શિરડી ગામના લીમડાના ઝાડ નીચે પ્રકટ થયા.

સત્ય સાઈબાબા પોતાને શિરડી સાઈબાબાનો અવતાર માને છે. તેમના ચરિત્રમાં સાઈબાબા વિશે થોડી નિરાળી વાતો લખાઈ છે. સ્વામી સાઈ શરણાનંદ સાઈબાબાના ગુજરાતી ભાષામાં લખાયેલ ચરિત્રના પાના નં.૧૩ અને ૨૭-૨૮ પર આ કથાનો ઉલ્લેખ કરાયો છે તે કથા અનુસાર સાઈબાબાના માતાપિતા પાથરી ગામના રહેવાસી હતા. એમના પિતાનું નામ ગંગાભાઈ અને માતાનું નામ દેવગિરીમા હતું. તે દંપતિ ખૂબ ધર્મભાવનાવાળા હતા. તે બંને ભગવાન શંકરના ભક્ત હતા. બાળક ન હોવાને કારણે તેઓ ખૂબ દુ:ખી હતા તેમ છતાં તેઓ બન્ને શંકર ભગવાનની આરાધના કરતા હતા. આ કારણે પ્રસન્ન થઈ ભગવાન શંકર અને માતા પાર્વતી



પાસેથી તેઓને વરદાન પ્રાપ્ત થયું હતું. આ વરદાનના રૂપમાં સ્વયં શંકર ભગવાને એમના કુળમાં સાઈબાબાના રૂપમાં જન્મ લીધો. દિવસે દિવસે ગંગાભાઈ તપશ્ચર્યામાં વધુ ને વધુ લીન થવા લાગ્યા અને તેમણે સંસાર ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો.

દેવગિરીમાતાએ પણ તેમની સાથે જવાનો નિશ્ચય કર્યો અને સાઈબાબાને એક ઝાડની નીચે છોડીને બન્ને જંગલમાં ચાલી નીકળ્યા. તે રસ્તા પરથી જતા એક ફકિર દંપતીની નજર આ બાળક પર પડી અને તેઓએ અલ્લાએ આપેલ ફળ સમજીને તે બાળકને લઈ લીધો. તેમણે તે બાળકને બાર વર્ષ સુધી પાળી પોષીને મોટો કીધો. એક દિવસ તે ગામના જમીનદારના છોકરા સાથે રમતા રમતા સાઈબાબાએ એક શિવલિંગ જીતી લીધું. તે સમયથી બાબા ફક્ત શિવલિંગ સાથેની રમતમાં મશગૂલ થઈ ગયા. આ કારણે સ્થાનિક મુસલમાનોએ તે ફકિરને બાબાને ઘરમાંથી કાઢી મૂકવા મજબૂર કર્યા. તે પછી સાઈબાબા ગોદાવરીના તટ પર ભટકવા લાગ્યા. આ ભટકણમાં બાબા ઔરંગાબાદ પહોંચ્યા. ત્યાં ધૂપખેડ ગામનાં ચાંદપાટીલ સાથે તેમની મુલાકાત થઈ. સાઈબાબાની કૃપાથી પાટીલની ખોવાયેલી ઘોડી મળી ગઈ. ત્યાર પછીનું સાઈબાબાનું ચરિત્ર બધા જાણે છે.

આ કારણે સાઈબાબા પાથરી ગામ સાથે ચોક્કસ રૂપે જોડાયેલા હોવા જોઈએ આ વિચારી અમે પાથરી જવાનો નિશ્ચય કર્યો. તે સમયે અમને પાથરી ગામ વિશે બહુ જ ઓછી જાણકારી હતી. આગળ જે પાથરી ગામના ઈતિહાસનું વર્ણન કર્યું છે. તે દક્ષિણના મધ્યયુગના ઈતિહાસના એક જાણકાર સાથે થયેલી. ચર્ચા અને સંદર્ભ પર આધારિત છે.

મધ્યકાલીન યુગમાં પાથરી ગામ પાર્થપુર નામથી જાણીતું હતું. આ નામ પાર્થ અથવા અર્જુન નામના વીર પાંડવને કારણે નક્કી થયું હતું. "આ ગામ દેવગિરી (દૌલતાબાદ)ની અગ્નિ દિશામાં લગભગ ૧૬૦ કિલોમીટર અને વિદર્ભ (મંગલા) અને ગોદાવરી સંગમના નૈઋત્ય દિશાથી લગભગ ૫ કિ.મી. દૂર વસેલ છે. તે સમયે આ સ્થળ વિદર્ભ રાજ્યનો એક હિસ્સો હતો. તેના પર દેવગિરીના યાદવ રાજાઓની સત્તા હતા. તે સમયે પાથરી ગણિતશાસ્ત્રની વિદ્યાપીઠ માટે પણ પ્રખ્યાત હતું."[૧૯]

યાદવ રાજ્યનો એક ભાગ હોવાને કારણ પાથરીનો ઈતિહાસ દેવગિરી અથવા દૌલતાબાદનો ઈતિહાસ સાથે જોડાયેલો છે. "બહામની રાજ્યના સમયમાં

પાથરી ગામના કુલકર્ણી પરિવારની ખૂબ કીર્તિ હતી. ભૈરો અથવા ભૈરવ કુલકર્ણીના તિમ્મભટ નામનો છોકરો સંભવ છે કે મુસલમાનોના ધર્મસંબંધી હેરાનગતિને કારણ દુઃખી થઈને યુવાનીમાં જ વિજયનગર ગયો અને નોકરી પણ ત્યાં જ કરવા લાગ્યો હતો.''[૨૦] ઈ.સ. ૧૪૪૦માં વિજયનગરની સાથે થયેલ યુદ્ધમાં સુલતાન શહા બહામની તેને પકડીને બીદર લાવ્યા હતા. ઈ.સ.૧૪૩૨ માં બહામની રાજ્યની રાજધાની ગુલબર્ગાથી બીદર સ્થાનાન્તરિત કરવામાં આવી હતી.[૨૧] ત્યાં તિમ્મભટને મુસ્લિમ ધર્મની દિક્ષા આપવામાં આવી અને તેનું નામ હસન રાખવામાં આવ્યું. ત્યાં તેને રાજાના ગુલામ તરીકે પાળવામાં આવ્યો. સુલતાને તેની યોગ્યતા જોઈને તેની નિમણૂંક મોટા રાજપુત્ર મહંમદના સાથી તરીકે કરી. એને કારણે હસનની બધી તાલીમ રાજપુત્ર મહંમદ સાથે થઈ તેણે પર્શિયન અને અરબી ભાષા પર પ્રભુત્વ સંપાદન કર્યું. તેના પિતાનું નામ ભૈરો હોવાને કારણે તેને લોકો મલ્લિક ભૈરીના નામથી ઓળખવા લાગ્યા. પરંતુ રાજકુમારને આ નામ ઉચ્ચારવામાં કઠિન લાગતુ હોવાને કારણે રાજપુત્ર અને બધા લોકો એને ભૈરી નામથી સંબંધિત કરવા લાગ્યા. રાજકુમાર મુહમ્મદએ પોતે રાજા બન્યા પછી પોતાના મિત્રને એક હજાર ઘોડાનો માલિક બનાવી દીધો.[૨૨]

પોતાના જન્મજાત ગુણને કારણે થોડા જ સમયમાં મલ્લિક હસન વીસ હજાર ઘોડેસવારનો માલિક બની ગયો. તેને મિર-અ-શિકારનો ખિતાબ બધા જ માનચિન્હો સાથે આપ્યા. થોડા દિવસોમાં કુશવેગ પદ પર તેની નિયુક્તિ કરવામાં આવી. ઈ.સ.૧૪૭૧માં ઉડીસાના રાજા મંગલરામના વિરોધી લડાઈમાં મલ્લિક હુસેને પોતાની અતુલનીય અને અદ્વિતીય વીરતાથી તેને પરાજિત કર્યા. હમવીરને ફરીને રાજપદ પ્રદાન કર્યુ. તેણે રાજમંડળી પર કબ્જો કરી કોંડુબિડુના કેટલાક કિલ્લા પણ જીતી લીધા.

ઉપરોક્ત કાર્ય માટે એને અશરફ-એ-હુમાયુન, નિજામ-ઉલ-મુલ્ક ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા અને તેલંગણ ગામના સંરક્ષક બનાવી દીધા. તેણે સંપૂર્ણ તેલંગણ જીતી લીધુ અને કર્ણાટક પર પણ હુમલો કરવાની તૈયારી કરી. નવેમ્બર ૧૪૮૦માં તેણે કોંડુબિડુ પર પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું. આ કારણે એને મસનદ-એ-અલી અને ઉલ્લઘ-અ-આઝમ ખિતાબ પ્રદાન કરી રાજમંડળીના



સૂબેદાર બનાવી દેવામાં આવ્યા. તદ્ઉપરાંત તે સુલતાન સાથે વિજયનગર રાજ્યના વિરુદ્ધ થયેલ લડાઈમાં શામિલ થઈ તેણે કાંચીના કિલ્લા પર વિજય મેળવ્યો. લડાઈથી પાછા ફરતી વખતે કોડાપલ્લીના રોકાણમાં તેણે બહામની રાજ્યના દિવાન મહમૂદ ગવાનની હત્યા કરી દીધી. મહમદ ગવાનના મૃત્યુ પછી રાજ્યનો સંપૂર્ણ કારોબાર મલ્લિક હસનના હાથમાં આવ્યો. તેણે કંઈ વર્ષો સુધી કારોબાર સંભાળ્યો. પરંતુ મહમદ ગવાનની હત્યાને કારણે રાજ્ય વિભાજનને એક મોકો મળી ગયો. આ અશાંત વાતાવરણમાં સૂબેદારોએ સ્થાનિક લોકોને ખુશ કરી પોતપોતાના સ્થાન મજબૂત કર્યા. આ કારણે મલ્લિક હસન માટે સૂબેદારોને કાબુમાં રાખવું મુશ્કેલ થઈ ગયુ અને અંતમાં તેના જ એક આશ્રિતે ઈ.સ.૧૪૮૬માં તેનું ખૂન કરી દીધું.

આ કારણે મલ્લિક હસનના પુત્ર અહમદને પોતાની કરતૂતથી સ્વતંત્ર રાજ્ય નિર્માણ કરવાની પ્રેરણા થઈ અને એણે ખુલેઆમ બગાવત કરી શીઘ્ર પતનની પાસે જનારી રાજ્ય સત્તાને સમાપ્ત કરવાનો નિશ્ચય કર્યો. ''જુન્નર પહોંચ્યા બાદ તેમણે પોતાના નામની બહરી નિઝામ ઉલ મુલ્ક કરીને ઘોષણા કરી અને પોતાના પિતાના શત્રુ પર હુમલો કરી અહમદનગરના નિઝામશાહીની સ્થાપના કરી.''[૨૩]

ઈ.સ. ૧૫૧૮માં બુહાણ નિઝામશાહે પ્રથમ વ-હાડ રાજ્યના અલ્લાઉદ્દિનના શાસક પાસેથી પાથરી અને નગર જિલ્લાની માગણી બીજા જિલ્લાની અદલાબદલીમાં કરી. ''આ આદાન પ્રદાનનો હેતુ બતાવવામાં આવ્યો કે પાથરી એમના પૂર્વજોનું ગામ હતુ અને એના સગાસંબંધી ત્યાંના રહેવાસી હતા. પરંતુ અલ્લાઉદ્દિન ઈમાદે આ વિનિમય ઠુકરાવ્યો હતો. આ કારણે બુહાણ નિજામશાહે તેના વિરુદ્ધ યુદ્ધ જાહેર કરી તેનું રાજ્ય ખાલસા કર્યું.''[૨૪] અંતમાં દક્ષિણ સ્થિત મોગલ બાદશાહના સૂબેદાર નિઝામે પાથરી સહિત દૌલતાબાદ પર પોતાનો ઝંડો સ્થાપિત કરી દીધો. તે સમયથી પાથરી પરભણી જિલ્લાનો એક તાલુકા સ્થાન છે. ઈ.સ. ૧૮૫૩ સુધી પરભણી જિલ્લો વિદર્ભ અથવા વ-હાડ પ્રાંતનો એક હિસ્સો હતો. પરંતુ નિઝામે વ-હાડ પ્રાંત ઈ.સ. ૧૮૫૩માં એક કરાર અનુસાર બ્રિટીશોને સોંપી દીધા બાદ પરભણી જિલ્લો વિદર્ભથી અલગ કરી પાથરીની સાથે નિઝામ રાજ્યના મરાઠવાડા પ્રાંતમાં શામિલ કરી દીધો.

મનમાડ સિકંદરાબાદના રેલ્વે માર્ગ પર વસેલા માનવત રેલ્વે સ્ટેશનથી

પાથરી ૧૬ કિ.મી.એ આવેલ છે. તે જ રેલ્વે માર્ગ પરના સેલૂ રેલ્વે સ્ટેશનથી પાથરી ૨૩ કિ.મી.એ છે. સાઈબાબાના બાળપણ વિશે વિશ્વસનીય જાણકારી મેળવવાના હેતુસર અમે ૧૯૭૫ની ગરમીઓમાં થોડા દિવસ ત્યાં રોકાવાનો નિશ્ચય કર્યો. પહેલેથી નિશ્ચિત એક પછી એક ખૂનની વારદાતોને કારણે માનવત ગામ ખાસ્સુ પ્રસિદ્ધ થયુ હતું. જૂન ૧૯૭૬ સુધી અમે પાથરીના ચૌધરીજી સાથે સારી રીતે સંપર્ક સ્થાપિત કર્યો હતો. અમે એમને ત્યાં રોકાયા હતા. દિનકરરાવ ચૌધરી પાથરી ગામના સુપ્રસિદ્ધ ચૌધરી ખાનદાનના વંશજ હતા. તે ખાનદાનનો એક લાંબો ઈતિહાસ છે. દિનકરરાવ ચૌધરી સ્વયં એક આધુનિકવાદી ખેડૂત અને વકીલ છે. તેઓએ અમારું આતિથ્ય ખૂબ જ આત્મીય અને સુવ્યવસ્થિત રીતે કર્યુ અને શોધ કાર્યમાં જાણે પોતાનું જ આ કાર્ય હોય એવી દષ્ટિથી તેઓએ અમારી બધી મદદ પણ કરી.

"ચૌધરી ખાનદાનની કેટલીક શાખાઓ પાથરી ગામમાં છે. એમાંથી અધિકાંશ લોક અંદાજે ૧૪મી સદીમાં બાંધેલા એક વિસ્તારમાં રહેતા હતા."[૨૫] હાલમાં જ દિનકરરાવ ચૌધરીએ ઉપરોક્ત વિસ્તારની બહાર પોતાના નવા ઘરનું નિર્માણ કર્યું છે. હવે તે ત્યાં જ રહે છે. અમારા પાથરી રહેઠાણ દરમ્યાન અમે એમની સાથે જ ત્યાં જ રોકાયા હતા. તારીખ ૨૧મી જૂનની સાંજે અમે બધા ઓટલા પર ગપ્પા કરતા બેઠા હતા. તે સમયે વાતો વાતોમાં દિનકરરાવે કહ્યું હતું કે "એક દિવસ તેમના પિતાજી વાસુદેવરાવજીને જ્યારે ભુસારીભાઉ તેમને ત્યાં ભિક્ષા માંગવા આવ્યાં હતા ત્યારે તેમણે પોતાની આંગળી બતાવતા કહ્યું હતું કે જુઓ સાઈબાબાના વંશજોની કેટલી ખરાબ હાલત થઈ ગઈ છે."[૨૬] બીજે દિવસે દિનકરરાવજીને કેટલાક વ્યક્તિઓ સાથે વાતોમાં ને વાતોમાં ખબર પડી કે સાઈબાબા પાથરી ગામના એક બ્રાહ્મણ પરિવારમાં જન્મયા હતા. પરંતુ જ્યારે તે નાના હતા તે સમયે એક ફકિર એમને લઈ ગયા હતા. ત્યારબાદ તેમના વિશે કોઈ ખબર મળી નથી તેમની વાતોમાંથી અમને એક વધુ કડી પ્રાપ્ત થઈ. અમે તરત જ પાથરી ગામના બ્રાહ્મણ પરિવારોની સૂચિ બનાવવાના કાર્યની શરૂઆત કરી દીધી.

પાથરી ગામના બધા બ્રાહ્મણ પરિવાર દેશસ્થ શાખાના છે. એમાંની કેટલાક ઋગવેદી અને કેટલાક યજુર્વેદી શાખાના છે. ઉપરોક્ત બન્ને શાખાઓ સિવાય



દેશસ્થ બ્રાહ્મણ શાખાની અન્ય કોઈ શાખાના પરિવાર પાથરી ગામમાં નથી. અમે બ્રાહ્મણ પરિવારના ઘરે જઈ ગુરુજનોને મળીને તેમના કુળ વિશેની જાણકારી હાંસલ કરવા કાર્ય શરૂ કર્યુ. ત્યારે અમને ખબર પડી કે માત્ર ભુસારી પરિવારનો અપવાદ છોડીએ તો તે બ્રાહ્મણ પરિવારોના કુળદેવતામાં મોટે ભાગે માહુર ગામની રેણૂકાદેવી અને આંબેજોગાઈ ગામની યોગેશ્વરી છે. ભુસારી પરિવાર માધ્યંદિન શાખાના શુક્લ યજુર્વેદીય બ્રાહ્મણ છે અને એમનું ગૌત્ર કૌશિક છે. એમના કુળદેવતા પાથરી ગામની સીમાપારના કુંભારવાવડી અથવા પંચવાવડીના હનુમાન છે. આ વાતોથી અમારા વિચારને એક નવી દિશા પ્રાપ્ત થઈ. શ્રીરામ અને હનુમાનજી પ્રત્યે સાઈબાબાના મનમાં જે આદર સન્માન અને ભક્તિ હતી તેને યાદ કરતા અમે અનુભવ્યુ કે અમારું કાર્ય સફળ થશે. અમે તાત્કાલિક વૈષ્ણવ ગલીમાં ગયા અને ભુસારી પરિવારના તૂટી ગયેલા ઘરના અવશેષો (ઘરક્રમાંક ૪-૪૩૮-૬૧) અત્યંત શ્રદ્ધા અને આદર સહિત દર્શન કર્યા. ત્યાંથી અમે કુંભારવાવડીના હનુમાનજીના દર્શન હેતુ ગયા. પાથરી ગામની સીમા પર લેંડી નામની નદી છે આ નામ પરથી શિરડીના લેંડીબાગની યાદ આવી. આ બન્ને વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થયો. મરાઠાવાડાની સામાન્ય પ્રચલિત મરાઠી બોલી અને સાઈબાબાની મરાઠી બોલી ભાષામાં ઘણી સમાનતા છે. મરાઠાવાડાની બધી સામાજિક સ્તરોની બોલી એક સમાન છે.

પાથરી ગામની જનસંખ્યા અંદાજે દસહજાર છે. પરંતુ આજે પણ પાથરી ગામ કઈ સદીઓ જૂના પોતાના રૂપમાં જ છે. "આઝાદી પછી ગામને પ્રગતિનો સ્પર્શ બહુ અલ્પમાત્રામાં થયો એવું અનુભવાય છે."[૨૭] થોડા વર્ષો પહેલા ગામમાં વિજળીની સુવિધા શરૂ થઈ છે. અને એસ.ટી. બસની સુવિધાથી પાથરી ગામને અન્ય ગામ સાથે જોડી દેવામાં આવ્યા. અન્યથા વર્તમાનમાં ત્યાંનુ જીવન પુરાતનકાળની જેમ મંદ અને સુસ્ત છે. બાબા જે કાળમાં જન્મ્યા તેમા જ મારું મન મગ્ન થયું. બાબાની જન્મતિથિ અને વર્ષ વિશે કોઈ નિશ્ચિત જાણકારી નથી. બાબા ક્યારે શિરડી આવ્યા આ વાત પર પણ મતભેદ છે. શ્રી સાઈ ચરિત્રના આધારથી ઈ.સ.૧૮૫૪માં સૌ પ્રથમ શિરડીમાં બાબાનું આગમન થયું. ત્યારબાદ તે ગુપ્ત થયા અને બીજીવાર ૧૮૫૮માં પ્રકટ થયા. "પરંતુ બી. નરસિંહસ્વામની મત અનુસાર બાબા શિરડીમાં ૧૮૭૨માં આવ્યા હતા."[૨૮] "એમ.વ્હી.પ્રધાન પણ તેમાં જ

સંમત છે.''[૨૯] ૧૫મી ઓક્ટોબર ૧૯૧૮માં બાબાએ મહાસમાધિ લીધી આ વાતમાં બધાને એક મત છે. બાબાના જે છાયાચિત્રો છે તેમાંથી અમે ફક્ત બાબાની ઉમરનો અંદાજ લગાવી શકીએ છીએ.

પાથરી ગામના ભુસારી પરિવારમાં સાઈબાબા પેદા થયા એ વાતને શું અમે દઢતાથી માની શકીએ છીએ. પાથરી ગામના એક પ્રસિદ્ધ વ્યક્તિએ આ વિશે પોતાના પુત્રને જે કંઈ કહ્યું તે સિવાય ઉપરોક્ત સિદ્ધાંતોની પુષ્ટિ માટે બીજા કોઈ સબૂતો ઉપલબ્ધ છે કે કેમ? આ અનુમાન સાબિત કરવા માટે વધારે સાબિતી મેળવવાના કાર્યમાં હું જોડાઈ રહ્યો. અમે સાઈબાબાનું જે ઘર શોધ્યું હતુ તે મકાનના માલિક પ્રોફેસર રઘુનાથ મહારુદ્ર ભુસારી સાથે મેં પત્ર દ્વારા સંપર્ક સાધ્યો. તે સમયે ભુસારીજી ઓસ્માનિયા વિશ્વવિદ્યાલયમાં મરાઠી ભાષાના પ્રાધ્યાપક હતા. તેઓ સંસ્કૃત પણ શીખવતા હતા. ત્યારબાદ તેઓ સરકારી મહાવિદ્યાલયમાં આચાર્ય પણ હતા. તેઓ ઈ.સ.૧૯૫૯માં નિવૃત્ત થઈ હૈદ્રાબાદમાં સ્થાયી થઈ રહ્યા. તેમનો જન્મ પાથરીમાં થયો હતો. તેઓએ ત્યાંથી જ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. આઠ વર્ષની ઉમરમાં જ તેમના પિતાનું મૃત્યુ થયુ. બાર વર્ષની ઉમરમાં પાથરી છોડી શિક્ષણ મેળવવા પરભણી ગામ ચાલી ગયા હતા. મેટ્રિક થયા પછી ઉચ્ચ શિક્ષણ માટે હૈદ્રાબાદ ગયા. તેઓએ વિશ્વવિદ્યાલયમાં ત્રીજા ક્રમેથી બી.એ.ની પરીક્ષા પાસ કરી હતી. આ કારણે જ તેમને કલકત્તા વિશ્વવિદ્યાલય તરફથી એમ.એ.ના અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મળી હતી. ૧૯૨૬માં સંસ્કૃત અને પૌરાણિક વસ્તુ સંશોધન વિષયમાં તેઓએ એમ.એ.ની પદવી મેળવી હતી. તેઓએ ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભંડારકર પાસે પ્રાચીન ભારતનો ઈતિહાસ અને સંસ્કૃતિનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ નાગપુર વિશ્વવિદ્યાલયથી મરાઠી ભાષામાં એમ.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી.

પ્રો. ભુસારીએ કહ્યું કે કોનેરદાદા તેમના ખાનદાનના પહેલા જાણીતા વ્યક્તિ છે. ત્યારપછી બે પેઢીઓ સુધી કોઈ જાણકારી મળતી નથી. પરંતુ ત્યારપછી ત્રણ પેઢીઓ સુધીનો જે વંશવૃક્ષ છે તે આ પ્રમાણે છે.



પરશુરામ

રઘુપતિ　દાદા　હરીભાઈ　અંબાદાસ　બળવંત

મહારુદ્ર　પરશુરામબાપુ

રઘુનાથ　ભાઉ (ભાઈ)

પ્રો. ભુસારીની દાદીએ નાનપણમાં જ તેમને કહ્યું હતું કે અંબાદાસ અને બળવંત પોતાનું ભાગ્ય અજમાવવાના હેતુથી પાથરી ગામ છોડી ગયા હતા. જ્યારે હરીભાઈએ ઈશ્વરની શોધ કરવાના હેતુથી ગૃહત્યાગ કર્યો હતો. ત્યારબાદ તેમની પેઢીના જ પરશુરામ બાપુએ પણ મંજાર્થ સ્થાનમાં સંન્યાસ ગ્રહણ કર્યો હતો. બીડ જિલ્લામાં ગોદાવરી અને સિંધુફેણા નદીના સંગમ પર મંજાર્થ સ્થાન આવેલું છે. પરશુરામ બાપુનો છોકરો ભાઉ (ભાઈ) વધારે કંઈ ભણ્યો ગણ્યો ન હતો. અને વિપન્નવસ્થામાં તેનું મૃત્યુ થયું હતું. વાસુદેવરાવ ચૌધરીએ પોતાના પુત્ર દિનકરરાવને જે વ્યક્તિની વાત કરી હતી તે વ્યક્તિ જ ભાઉ (ભાઈ) હતા. પાથરી ગામના ભુસારી પરિવારમાં ઊંચા આચાર વિચારવાળી વ્યક્તિ પેદા થઈ હતી. આટલી જાણકારી માટે આટલી સાબિતી પૂરતી છે. ભુસારી પરિવારના હરીભાઉ ભુસારી જ સાઈબાબા હોઈ શકે ?

આ સિદ્ધાંત સંભવ હોઈ શકે કે નહિ એના વિશે મેં એક અનુભવી વકીલ અને એક સુપ્રસિદ્ધ ઈતિહાસકાર સાથે ચર્ચા કરી એ બંનેએ મારા ઉપરોક્ત સિદ્ધાંતની વિશ્વસનીયતા પર સહમતી આપી છે આ કારણે આ સિદ્ધાંતના પક્ષમાં વધુ કંઈ લખ્યા વિના આ સિદ્ધાંતની સ્વીકૃતિનો ફેંસલો વાચકો પર છોડી દઈ છું. આ લેખ લખતી વખતે મને જાણ થઈ કે ''પાથરી ગામના લોકોની સાઈબાબાના પાવન સ્મરણો માટે એક ઉચિત સ્મારક સ્થાપવાની ઇચ્છા છે. આ કાર્યમાં ઈશ્વર એમની સહાયતા કરે એ જ સાચી ઇચ્છતા વ્યક્ત કરતા હું આ લેખ સમાપ્ત કરું છું.''[૩૦]

## સંદર્ભ અને ટિપ્પણ

૧. બી. વ્હી. નરસિંહસ્વામી, ડિવ્હોટીજ એક્સપરિઅસિસ ઓફ સાઈબાબા અંગ્રેજી ભાગ ૧. ઓલ ઈન્ડિયા સાઈ સમાજ, મદ્રાસ તીસરા સંસ્કરણ, ૧૯૬૫ પૃ. ૪૩, ૪૮

૨. એમ. કે ગાંધી, ઈન સર્ચ ઓફ ધી સુપ્રિમ અંગ્રેજી ભાગ ૧. નવજીવન પબ્લિસીંગ હાઉસ, અમદાવાદ. ૧૯૬૧ પૃ. ૧૪૮

૩. એરિક એચ એરિક્સન, ગાંધીજી ટ્રુથ (અંગ્રેજી) ડબલ્યુ, નાર્ટન ઔર કં. ઈક ન્યુયોર્ક ૧૯૬૯ પૃ-૯.

૪. બી. વ્હી. નરસિંહસ્વામી ડિવ્હોટીજ એક્સપરિઅસિસ ઓફ સાઈબાબા, ભાગ - ૧, પા.૯૨

૫. ગો. ર. દાભોલકર, શ્રી સાઈચરિત્ર, શ્રી સાઈબાબા સંસ્થાન, શિરડી, ૮મી આવૃત્તિ ૧૯૭૨, અં-૭, પા.૧૩

૬. સ્વામી સાઈશરણાનંદ શ્રી સાઈબાબા (ગુજરાતી) ૬ઠ્ઠી આવૃત્તિ ૧૯૬૬ પા-૧૭ સ્ટલિંગ પબ્લિકેશન પ્રા. લિ. નવી દિલ્લી ૧૯૯૭ પા-૧૩ અને આર. બી. પુરંદરે ડિવ્હોટીજ એક્સપરિઅસિસ ઓફ સાઈબાબા ભા-૧ પા-૧૦૪ અને ૧૧૪

૭. બી. વ્હી. નરસિંહસ્વામી તથૈવ ભાગ - ૨ પૃ-૪૬

૮. ગો. ર. દાભોલકરની શ્રી સાઈચરિત્ર

૯. તત્રૈવ, હરી સીતારામ દીક્ષિતજીનો ઉપોદઘાત પૃ-૧

૧૦. શ્રી સાઈલીલા સ્ફૂટ લેખ એપ્રિલ ૧૯૨૫ પૃ-૧૭૯

૧૧. બી. વ્હી. નરસિંહસ્વામી લાઈફ ઓફ સાઈબાબા ભા-૧ ઓલ ઈન્ડિયા સાઈ સમાજ મદ્રાસ ૧૯૫૫ પૃ-૧૩,૧૪

૧૨. તત્રૈવ પૃ-૧૨

૧૩. સ્વામી સાઈશરણાનંદ, ૨૫મી ઓગસ્ટ ૧૯૮૨ની બુધવાર રાત્રિ ૧૨ વાગ્યેને ૨૦ મિનિટે બ્રહ્મીભૂત થયા. તેમનો નશ્વરદેહ ૧૪/૧૫, પ્રકૃતિકુંજ સોસાયટી, ન્યુ શારદા મંદિર રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫.ના આંગણામાં દફનાવ્યા હતા અને એના પર સમાધિનું નિર્માણ થયું હતું.

૧૪. શ્રી સાઈલીલા સપ્ટેમ્બર ૧૯૭૫ પૃ. ૪,૬

૧૫. સ્વામી સાઈશરણાનંદ તત્રૈવ ગુજરાતી ૧૯૬૬ અંગ્રેજી ૧૯૯૭

૧૬. તત્રૈવ ગુજરાતી પૃ-૧૪, ૧૫ અંગ્રેજી ૧૦, ૧૧

૧૭. તત્રૈવ ગુજરાતી પૃ-૬ અંગ્રેજી - ૫



૧૮. શ્રી સાઈલીલા જુલાઈ, સપ્ટેમ્બર, ૧૯૪૨ પૃ-૩૫૬-૩૭૨

૧૯. એસ. બી. દિક્ષીત ભારતીય ખગોળશાસ્ત્રનો ઈતિહાસ બીજી આવૃત્તિ ૧૯૩૧ પા. ૨૬૭, ૨૬૯ અને ૨૭૮

૨૦. લેફ્ટનેટ કર્નલ સર વુલ્સલે હેગ, ધ હીસ્ટ્રી ઓફ ધી નિઝામશાહી, કિંગ ઓફ અહમદનગર (અંગ્રેજી) બ્રિટીશ ઈન્ડિયા પ્રેસ, મુંબઈ ૧૯૨૩ પા-૭

૨૧. પ્રો. એચ. કે શેખાની અને ડૉ. પી. એમ. જોશી હિસ્ટ્રી ઓફ મેડિવ્હલ ડેક્કન (૧૨૯૫-૧૭૨૪) અંગ્રેજી ભાગ ૧ ગર્વમેન્ટ ઓફ આંધ્રપ્રદેશ ૧૯૭૫ પૃ. ૨૨૫-૨૨૮

૨૨. લેફ્ટન્ટ કર્નલ જોન બીગ, હિસ્ટ્રી ઓફ ધી રાઈજ ઓફ મહામેડન પાવર ઈન ઈંડિયા ટિલ એ. ડી. ૧૬૧૨ અંગ્રેજી ભાગ ૩. લાગમન. રીસ, આર્મ બ્રાઉન વ ગ્રીન ૧૮૨૯ પૃ. ૧૮૯-૯૦

૨૩. પ્રો. એચ. કે. શેખાની અને ડૉ. પી. એમ. જોશી તત્રૈવ પૃ. ૨૨૫-૨૨૬

૨૪. લેફ્ટન્ટ કર્નલ સર બુલ્સલે હેગ, તત્રૈવ પૃ-૭ (ટીપણી)

૨૫. ઓક્ટોબર, ૧૯૯૯ એ દિનકરરાવ ચૌધરી સંત સાઈબાબા માર્ગ, એસ. ટી. સ્થાનકની પાછલી બાજુના પોતાના મકાનમાં રહેતા હતા.

૨૬. સંશોધન લેખમાં દર્શાવેલ ભુસારી પરિવારનો ઉપરોક્ત વંશવૃક્ષ જુઓ.

૨૭. પ્રસ્તુત લેખક ૧૩ વર્ષ પછી ૧૯૯૩માં જ્યારે પાથરી ગયા ત્યારે તેમને પાથરી ગામમાં ખાસ્સો બદલાવ જોવા મળ્યો. ગામનું પહેલેનું ગ્રામીણ સ્વરૂપ સમાપ્ત થઈ રહ્યું હતું. એક શહેરીરૂપનું દર્શન સર્વત્ર થતું હતું. શહેરોમાં એક મુખ્ય રસ્તો અને ખાંડની ફેક્ટરીનું નિર્માણ થયું હતું, ગામની વસ્તી ત્રણ ગણી થઈ પરંતુ ત્યાંના સુવિધાઓના વિકાસમાં અભાવ જોવા મળ્યો.

૨૮. બી. વ્હી. નરસિંહસ્વામી, તત્રૈવ ભા. ૧ પૃ-૧૩

૨૯. એમ. વ્હી. પ્રધાન, શ્રી સાઈબાબા ઓફ શિરડી (અંગ્રેજી) શ્રી સાઈબાબા સંસ્થાન, શિરડી ૭મી આવૃત્તિ ૧૯૭૩ પૃ-૨૫

૩૦. શિરડી સાઈબાબાની પાથરી જન્મસ્થાનની ભૂમિ શ્રી સાઈ સ્મારક સમિતિના નામે શ્રી વી. બા. ખેર અને દિનકરરાવ ચૌધરીજીએ મળીને ખરીદી લીધી અને સમિતિના સાર્વજનિક રૂપે બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૭ના

કાનૂન અંતર્ગત પી. ટી. આર નં-૪૩ (પરભણી)ના નામે કરવામાં આવ્યું છે. મંગળવાર, ૧૯ ઓક્ટોબર ૧૯૯૯ના દશેરાના શુભ મુહૂર્તે સાઈબાબા મંદિર, પાથરી ગામમાં અપ્રતિમ મંદિરનું વિમોચન (શ્રી કે. વ્હી. રમણી શિરડી સાઈ ટ્રસ્ટના સંસ્થાપક અને વ્યવસ્થાપકના હસ્તે થયું.) તેમના જ ઉદાર દાનથી આ સુંદર મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. મંદિરના ગર્ભગૃહમાં શ્રી સાઈબાબાની સાડા પાંચ ફૂટ કાંસાની સુવર્ણ રંગની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. બાબાની ચાંદીથી આવૃત્ત આરસપહાણની પાદુકા પૂજા હેતુ માટે સ્થાપિત કરવામાં આવી. ગર્ભગૃહની સામે વિશાળ સભામંડપ છે. મંદિરના અંદરના ભાગમાં ધ્યાન મંદિર છે. ત્યાં બાબાનો છ ફૂટનો સુંદર તૈલચિત્ર છે. તૈલચિત્રની એક તરફ સ્વામી સાઈશરણાનંદ અને બીજી તરફ બલ્બબાબાની તસ્વીર છે. વિપુલ પ્રમાણમાં આરસપહાણનો ઉપયોગ ખૂબ જ ખૂબીથી મંદિર બનાવવામાં કરવામાં આવ્યો છે.

★ ★ ★



# પાથરી સાઈ જન્મસ્થાન મંદિર સ્થાપના મહત્વપૂર્ણ ઘટનાઓ

૧. જૂન ૧૯૭૬ વિ. બા. ખેરની પત્ની સમેત પાથરી ગામની મુલાકાત

૨. જાન્યુઆરી ૧૯૭૬ "અ સર્ચ ફોર ધી બર્થ પ્લેસ ઓફ સાઈબાબા" વિ. બા. ખેર દ્વારા લિખિત સાઈલીલા (અંગ્રેજી)માં પ્રકાશિત થઈ.

૩. જૂન-૧૯૭૮ શ્રી સાઈ સ્મારક સમિતિ બનાવવા સમિતિના નામે શ્રી વિ. બા. ખેર અને દિનકરરાવ ચૌધરીએ પ્રા. ૨. મ. ભુસારીથી સાઈબાબા જન્મસ્થાન ભૂમિ ખરીદી લીધી અને ખરીદીપત્રનું સબ રજીસ્ટ્રાર સેલૂના કાર્યાલયમાં રજિસ્ટ્રેશન કરાવ્યું.

૪. ૩૧મી ડિસેમ્બર ૧૯૮૦ શ્રી સાઈ સ્મારક સમિતિ પાથરી ઈ.૪૩ પરભણી આ નંબરથી સાર્વજનિક ટ્રસ્ટનાં રૂપમાં નોંધણી થઈ.

૫. માર્ચ ૧૯૮૧ શ્રી સુભાષ દલી આર્કિટેક્ટ દ્વારા પાથરી સાઈ મંદિરનો નકશો બનાવવામાં આવ્યો. આ નકશામાં "પ્રસવ કક્ષ"નો નિર્દેશ થયો છે.

૬. સપ્ટેમ્બર, ૧૯૮૨ વિ. બા. ખેરે ઔરંગાબાદથી નજીકના ગામ ધૂપખેડની મુલાકાત લીધી.તદ્ઉપરાંત ખેર દંપતીની ઔરંગાબાદ ગુલમંડીમાં બલ્બબાબા સાથે મુલાકાત થઈ તે સમયે તેમણે બલ્બબાબાને ૨૦ રૂપિયાની દક્ષિણા આપી. તેમણે સ્વીકાર્યા અને બલ્બબાબાએ તેમને આશીર્વાદ આપ્યા. "જમીન ખરીદી લીધી. વીસ લાખનું મંદિર બનશે. તેને જોવા દેશના ખૂણે ખૂણેથી લોકો આવશે. તે બહાને તમારું અહીંયા આવવા જવાનું રહેશે અને આપણી મુલાકાત થતી રહેશે."

૭. ૧૩ ઓક્ટોબર ૧૯૯૪ વિજયાદશમીના દિવસે અબ્દુલખાન દુર્રાણી (અધ્યક્ષ પાથરી નગર પરિષદ)ના હસ્તે મંદિર ભૂમિપૂજા સમારોહ પૂરો થયો.

૮. મે, ૧૯૯૫ મંદિર નિર્માણ માટે ખોદકામ શરૂ થયું. ખોદાઈ કરતી વખતે હનુમાન અને ખંડોબાની મૂર્તિઓ, પૂજાના સાધનો, માટીના દીવડા જેવી વસ્તુઓ પ્રાપ્ત થઈ.

૯. ૧૦ જૂન, ૧૯૯૫ સ્ટેટ બેંક ઓફ હૈદ્રાબાદના મેનેજર સૂર્યભાન સાંગડેજીના હાથે ક્રોંકિટના પાયાની શરૂઆત થઈ.

૧૦. ૧૮મી જુલાઈ ૧૯૯૫ વિ. બા. ખેર, સીતારામ ધાનુ અને આર્કિટેક્ટ સુભાષ દલીની પાથરી મુલાકાત, ખોદકામ કરતી વખતે બે મેહરાવ અને એક નાગદા જોવા મળ્યા. આ કારણે આર્કિટેક્ટ દલીના મત અનુસાર મંદિરની નીચે ગર્ભગૃહ બાંધવાનો નિશ્ચય કરવામાં આવ્યો.

૧૧. ૨૦મી ડિસેમ્બર ૧૯૯૫ વિ. બા. ખેર અને બીજા બે આવેદકો દ્વારા બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ધા. ૫૦ એ અનુસાર સહાયક ધર્માદા આયુક્ત પરભણી ઓફિસમાં શ્રી સાઈ સ્મારક સમિતિ પાથરી ઈ-૪૩ પરભણીના વ્યવસ્થાપન માટે યોજના બનાવવાના હેતુ અરજી કરવામાં આવી.

૧૨. ૧ ઓક્ટોબર, ૧૯૯૬ અચોક્કસ કારણોસર બે વર્ષ માટે મંદિર નિર્માણ કાર્ય બંધ રાખવામાં આવ્યું.

૧૩. ૧૩મી જુલાઈ ૧૯૯૮ પરભણી જિલ્લા કોર્ટમાં સર્વ સંમતિની કરારપત્ર દાખલ કર્યું અને તે પહેલા વિશ્વસ્ત મંડળીની સ્થાપના કરવામાં આવી જેમાં નીચે દર્શાવેલ વ્યક્તિઓના નામ શામિલ હતા.


| | |
|---|---|
| ૧. વિશ્વાસ બાલ ખેર | ૨. સીતારામ સોમા ધાનુ |
| ૩. દિનકર વાસુદેવ ચૌધરી | ૪. અબ્દુલ્લાખાન દુર્રાણી |
| ૫. કાલીદાસ ચૌધરી | ૬. સૂર્યભાન તુલસીરામ સાંગડે |
| ૭. સુભાષ રાજારામ દલી | |

૧૪. ૯ ઓગષ્ટ, ૧૯૯૮ વિશ્વસ્ત મંડળની પહેલી સભામાં વિ. બા. ખેર અધ્યક્ષ, દિ. બા. ચૌધરી વ્યવસ્થાપક અને સૂ. તુ. સાંગડે ખજાનજીના રૂપમાં ચૂંટી કાઢવામાં આવ્યા.


૧૫. ૧૯મી ઓક્ટોબર, ૧૯૯૯ વિજયાદશમી કે. વ્હી. રમાણી વ્યવસાયી, સંસ્થાપક અને વ્યવસ્થાપકીય વિશ્વસ્ત, શિરડી સાઈ ટ્રસ્ટ ચેન્નઈ જેમના સૌજન્યથી પાથરીનું ભવ્ય અને સુંદર સાઈ મંદિર સાકાર થયું. એમના શુભ હસ્તે સાઈબાબાની મહાસમાધિના દિવસે મંદિરનું ઉદ્‌ઘાટન થયું.

૧૬. ઉપરોક્ત ઉદ્‌ઘાટન પ્રસંગ માટે શ્રી સીતારામ ધાનુની અધ્યક્ષતામાં શિરડી સાઈ પ્રાણ પ્રતિષ્ઠા સમિતિની સ્થાપના થઈ. શ્રી ધાનુ ઉપરોક્ત સમિતિની મુંબઈ શાખાના અધ્યક્ષ હતા. મુંબઈ શાખાએ ઉત્કૃષ્ટ કાર્ય કરી ઘણી આર્થિક સહાયતા પણ કરી હતી.







**શ્રી સાઈનાથ બાબાનું જન્મ સ્થળ – પાથરી**
**જી. પરભણી (મહારાષ્ટ્ર)**



**બાબાનો જન્મ ખંડ**





બાબાના ઘરનું ખોદકામ કરતા
મળેલ બાબાની ઘર વપરાશની વસ્તુઓ.



મંદિરના ભોંયતળિયામાં આવેલ
સાઈબાબાનું ભવ્ય તૈલચિત્ર



ૐ શ્રી સાઈનાથાય નમઃ

# સ્વામી સાઈશરણાનંદ અલ્પ પરિચય

હૃદય શુષ્ક મારુ, હંમેશનુ નહી ભીનુ
કદી કદી પ્રેમ સરિતા સૂકી, લહેર ભરતી ઓટ ચાલુ
આ દુષ્ટ હૃદય મારું.
હૃદય લવણ ગઢી પ્રેમસરિતે, નિર્મળ જલ હંમેશા વહે
શાંત થઈ તદ્રુપ બનુ હું, હું પણ ત્યારે ક્યાંથી રહે
હૃદય એવુ તે ક્યારે થશે ?
ભેદાભેદ બની સ્થુળ સૂક્ષ્મ તો આપોઆપ ખરી પડશે
ત્યારે વામનડ તુ મળશે સાઈસ્વરૂપમાં નિશ્ચે
હૃદય ખરુ ત્યારે ભિનશે.

– શ્રી સાઈલીલા વર્ષ ૩, અંક-૨,૩ પાના-૨૨૫

હું જૂન ૧૯૭૪માં સાઈબાબા સમાધિ દર્શન હેતુ અર્થે શિરડી ગયો હતો. તે સમયે મારા મનમા બાબાના નજીકના કોઈ વ્યક્તિને મળવાની ઈચ્છા હતી. આ હેતુ પૂછપરછ કર્યા બાદ મને સ્વામી સાઈશરણાનંદનું નામ બતાવવામાં આવ્યું. ત્યારબાદ અમદાવાદ જઈને તેમની મુલાકાત લીધી તે સમયે વામનડા કોણ છે તે મારી સમજમાં આવી ગયું.

સાઈબાબાએ પોતાનો આશ્રમ કે પીઠ સ્થાપિત કર્યો ન હતો. તેમણે ન કોઈ ગ્રંથ લખ્યો અને કોઈ શિષ્યને દીક્ષા આપીને પોતાની ગાદી સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ તેમના કંઈ કેટલા ભક્ત હતા અને છે. તેમા એક ઋષિતુલ્ય અને પ્રસિદ્ધિ પામેલ વ્યક્તિ છે તેઓએ નર કરણી કરે તો નરમાંથી નારાયણ થઈ જવાની કહેવતને યર્થાથરૂપે પોતાની જિંદગીમાં સાર્થક કરી બતાવી. તે વ્યક્તિનું નામ છે સ્વામી શરણાનંદ. તેમનું પૂરુ નામ શ્રી વામનભાઈ પ્રાણગોવિંદ પટેલ. તેમનો જન્મ ૫મી એપ્રિલ ૧૮૮૯માં સુરત જિલ્લાના ઈતિહાસ પ્રસિદ્ધ બારડોલી તાલુકામાં મોતા નામના ગામમાં થયો હતો. તેમના પિતા શ્રી પ્રાણગોવિંદ લાલભાઈ પટેલ કેન્દ્ર સરકારના આબકારી વિભાગમાં નોકરી કરતા હતા. ઓફિસના કામકાજ હેતુ એમની ઘણીવાર બદલી પણ થઈ. વામનભાઈની માતા મણિગૌરી શિક્ષણ તજજ્ઞ શ્રી તુળજારામ

સોમનાથજીની સુકન્યા હતી. વામનભાઈના દાદાજી લાલભાઈ કેટલાય વર્ષોથી નવસારી ગામના તલાટી હતા. સાચા અનુશાસન અને આત્મનિગ્રહી હોવા છતા તે એક સહૃદય સરકારી કર્મચારીના રૂપમાં તેમની ખ્યાતિ હતી. વામનભાઈની દાદી નંદકુવર ખૂબ જ ધાર્મિક પ્રવૃત્તિની સ્ત્રી હતી. ટૂંકમાં વામનભાઈનું ખાનદાન શિક્ષિત અને ધનવાન હતું.

વામનભાઈનું પ્રાથમિક શિક્ષણ મોતા ગામથી શરૂ થયું. ઈ.સ. ૧૮૯૬માં વામનભાઈ ખેડા ગામમાં તેમના કાકા સાથે રહેવા હેતુસર ગયા હતા. ત્યાં એમનું પ્રાથમિક શિક્ષણ પૂરું થઈ માધ્યમિક શિક્ષણ શરૂ થયુ હતું. રામગોવિંદજી ક્લેક્ટરની ઓફિસમાં અવ્વલ નંબરના રાઈટર હતા. એમણે વામનભાઈને રામરક્ષા સ્તોત્ર શીખવ્યા હતા અને સ્તોત્ર મોઢે પણ કરાવી લીધા હતા. તે સમયે વામનભાઈનાં ધાર્મિક શિક્ષણનો પ્રારંભ થયો. ઈ.સ. ૧૮૯૯માં તેમના પિતાની બદલી અમદાવાદ ગામે થઈ અંગ્રેજી શિક્ષણ મેળવવા વામનભાઈ અમદાવાદ ગયા. ૧૯૦૩માં શ્રી પ્રાણગોવિંદજીની બદલી મુંબઈ થઈ, મુંબઈમાં તેઓ માટુંગામાં રહેતા હતા. વામનભાઈનું નામ બોરીબંદરની નજીકમાં આવેલ ન્યુ હાઈસ્કુલમાં દાખલ કરવામાં આવ્યું. થોડા દિવસમાં આ હાઈસ્કુલનું ભર્ડા ન્યુ હાઈસ્કુલ નામે નામકરણ થયુ. ભર્ડાજી સ્વયં તે સ્કુલના માનનીય આચાર્ય હતા. ૧૯૦૬માં તે જ સ્કુલથી વામનભાઈએ મેટ્રિકની પરીક્ષા પાસ કરી.

તે જમાનામાં મુંબઈમાં વિલ્સન મહાવિદ્યાલય, સેન્ટ જેવિયર્સ કોલેજ અને એલફિન્સટન કોલેજ એવા ત્રણ મહાવિદ્યાલય હતા. એ મહાવિદ્યાલયોના એક સત્રની ફી રૂા.૩૬, રૂા.૪૮ અને રૂા.૬૪ હતી. વામનભાઈના પિતા સરકારી કર્મચારી હોવાને કારણે પોતાના પુત્રનું એલફિન્સટન મહાવિદ્યાલયમાં એડમિશન લીધું. વામનભાઈએ બી.એ. માટે તત્વજ્ઞાન વિષય નક્કી કરી બી.એ.ની પરીક્ષા પાસ કરી. મનુ સુબેદાર જે આગળ ચાલીને સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીના સભાસદ થયા તેઓ વામનભાઈના સહાધ્યાયી હતા. ૧૯૧૧માં વામનભાઈએ એલએલ.બી. પાસ કરી. તે દરમ્યાન તેઓએ જહાંગીર ગુલાબભાઈ બિલિમોરીયા સોલિસિટર ફર્મમાં કલાર્ક તરીકે પોતાનું નામ દાખલ કર્યું.

તે જમાનાની પરંપરા અનુસાર વામનભાઈના લગ્ન ૧૩ વર્ષની ઉંમરમાં શ્રી અંબારામ કૃષ્ણશંકર શુક્લની કલાવતી નામની કન્યા સાથે થયા. નાનપણથી જ વામનભાઈની મનોવૃત્તિ ધાર્મિક હતી અને ઘરના ધાર્મિક વાતાવરણને કારણે તેને



ઘણી સફળતા મળી. નાનપણમાં તે રામરક્ષા, વિષ્ણુ સહસ્ત્રનામ અને આદિત્ય હૃદય સ્તોત્રનું પઠન કરવા શીખ્યા હતા. જ્યારે એમની ઉંમર પાંચ વર્ષની હતી ત્યારે એમના પિતા ધરાસણાના મીઠા ક્ષેત્ર પર કામ કરી રહ્યા હતા. ત્યાં રહેવાની ઘણી મુશ્કેલીઓ હતી. તે ઉપરાંત કેટલાક મહિનાથી વામન ઝાડાના રોગથી પીડાતા હતા. અને તેને કારણે જ વામન ઘણો જ કમજોર થઈ ગયો હતો તેના જીવવાની આશા ઘણી ઓછી જણાતી હતી. એક દિવસ સાંજે વામનને ખોળામાં લઈ એની મા બહાર બેઠી હતી ત્યારે અચાનક તેની સામે એક ફકીર આવી ઊભા રહ્યા તેમણે કહ્યું કે આ બાળક ખૂબ ભાગ્યશાળી છે ત્યારે મા એ તરત કહ્યું કે,

"શા માટે મશ્કરી કરો છો. અત્યારે તો આને એટલા જુલાબ થાય છે કે આ બે ચાર દિવસનો જ મહેમાન હોય એવું અમને લાગે છે."

"નહી નહી આવું નહી બોલો. સાચેસાચ આ છોકરો ભાગ્યશાળી છે તેની જમણી બાજુ એક મસો અને એક તલ છે."

તે ફકીરની વાતો સાંભળીને મા એ તરત જ શરીરમાં જોયું તો ફકીરના દર્શાવેલા ભાગ પર નિશાન હતા. આ જોઈને મા એ કહ્યું કે આપનું કહેવું સાચુ છે પરંતુ આવી બિમારી અને તબિયત ક્યારે સુધરશે ?

ફકીરે કહ્યું હું આ ભસ્મ આપુ છું તેને એના મોઢામાં રાખો. બધુ સારું થઈ જશે.

સ્વામી સાઈશરણાનંદ પોતાની આત્મકથામાં લખે છે કે ત્યારબાદ અન્ય ઉપચાર કર્યા વિના તેમનું સ્વાસ્થ્ય સારું થવા લાગ્યું અને માતાપિતા ચિંતામુક્ત થયા.

પોતાની સાત વર્ષની ઉમર સુધી વામન ગામની શાળામાં ભણતા હતા. શ્રાવણ-ભાદરવામાં તે સવારે વહેલી જાગી જઈ સ્નાન કરી પોતાની માતા અને બહેન સાથે સોમનાથ દર્શન અર્થે જતા. ત્યાં મંદિરની બહાર તેમની મુલાકાત એક ફકીર સાથે થતી હતી. તે ફકીર તેની સાથે હસી મજાક પણ કરતા હતા. કયારેક ક્યારેક શાળા જતી વખતે પણ વામનભાઈની આ ફકીર સાથે મુલાકાત થતી હતી. ૧૯૧૧માં જ્યારે સાઈબાબા સાથે પ્રથમ મુલાકાત થઈ ત્યારે વામનભાઈને ખબર પડી કે તે ફકીર કોઈ બીજા નહી પણ સ્વયં સાઈબાબા જ હતા. એક દિવસ વાતો વાતોમાં સાઈબાબાએ પોતાની હથેળીઓ ફેલાવીને સીતારામ દિક્ષીતને વામનભાઈ વિશે કહ્યું કે આને હું કઈ વર્ષોથી જાણુ છું. આ જ્યારે ઉંદર જેવડો હતો ત્યારથી એની અને મારી ઓળખાણ છે.

આ બધી હકીકત વામનભાઈએ પોતાની મા ને કહી ત્યારે તેણે ઘરાસણાવાળી વાત કહી બતાવી.

વામનભાઈ જ્યારે ઈન્ટર આર્ટ્સના વર્ગમાં હતા ત્યારથી સંધ્યાપૂજા જેવી ધાર્મિક વિધિઓમાંથી એમનું મન ઊઠી ગયું. તેઓએ બધા કર્મકાંડ કરવાના બંધ કરી દીધા. પરંતુ વહેલી સવારે સ્નાન પછી સ્તોત્રપાઠ કરતા હતા. રાત્રે પણ સૂતા પહેલા ભગવદ્‌ગીતા પઠન કરતા કેમ કે એને કારણે તેમને માનસિક શક્તિ મળતી હતી. ભર્તૃહરિનું નીતિશતક અને વૈરાગ્યશતક વાંચીને તેમને વિશ્વાસ સંપન્ન થયો કે આર્યોનો ધ્યેય વૈરાગ્યથી ઈશ્વર પ્રાપ્તિનો છે. ઈન્ટર આર્ટ્સમાં તેમને તર્કશાસ્ત્રમાં પ્રથમ વર્ગના ગુણ પ્રાપ્ત થયા આ કારણે બી. એ. માં તેમણે અભ્યાસ માટે તત્વજ્ઞાન વિષય નક્કી કર્યો. તે સમયે એલફિન્સટન મહાવિદ્યાલયમાં આર.એસ.માર્સ તર્કશાસ્ત્ર અને તત્વજ્ઞાનના પ્રાધ્યાપક હતા. જર્મન અને ગ્રીક ભાષામાં તે માહિર હતા. પ્રાચીન તત્વજ્ઞાની કાંટના ગ્રંથો તેમણે મૂળ ભાષામાં વાંચ્યા હતા. કાંટનું તત્વજ્ઞાન વાંચી વામનભાઈનું મન વિચલિત થયું. વાસ્તવમાં ઈશ્વર છે કે નહી ? શું ઈશ્વર માત્ર એક માનસિક કલ્પના છે ? આ વિશ્વ નિર્માણ પાછળ એક જાગૃત નિયામક શક્તિ છે કે ? આ વિશ્વનિર્માણ એક અપ્રત્યશિત ઘટના છે ? આવા અનેક પ્રશ્નો એમના મનમાં જન્મ્યા. આ પ્રશ્નો વિશે જેટલું વધુ વિચારવા લાગ્યા તેટલા જ આ વિશ્વનિર્માણના રહસ્યની શોધ અને ઈશ્વર દર્શનની એમની તીવ્રતા સ્વામી વિવેકાનંદની જેમ વધવા લાગી. આવી મનોદશામાં એમના પિતાજી એમને બાલકૃષ્ણ મહારાજ પાસે લઈ ગયા. વામનભાઈએ બાલકૃષ્ણ મહારાજને સ્પષ્ટતાથી કહી દીધુ કે જે વ્યક્તિ મને ઈશ્વર પ્રાપ્તિ કરાવશે તેને જ તેઓ ગુરુ માનશે. હવે વામનભાઈને પોતાના મનમા પડેલી શંકાકુશંકાનો નિવારણ કરવાવાળા મહાત્માને મળવાની ઉત્સુકતા જન્મી. આ વાત માટે તેણે વધુ સમય પ્રતીક્ષા નહીં કરવી પડી. તે જ સમયે તેમના પિતા સાઈબાબાના દર્શન લઈ પાછા ફર્યા હતા. તેઓએ વામનભાઈને કહ્યું કે તે સાઈબાબાને મળી લે. તેમના બધા જ પ્રશ્નોને સુલજાવવાની શક્તિ સાઈબાબા પાસે છે. આ સાંભળી ૧૦મી ડિસેમ્બર ૧૯૧૧માં વામનભાઈએ શિરડી તરફ પ્રસ્થાન કર્યું. વામનભાઈએ પ્રથમ દર્શને જ સાઈબાબાને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને આશ્ચર્ય સાથે સાઈબાબાએ દઢતાથી કહ્યું ''ઈશ્વર છે કેમ ના પાડો છો ?''

આ મુલાકાતથી વામનભાઈના જીવનમાં આમૂલ પરિવર્તન આવવાનું હતું.

ત્યારબાદ ૧૯૧૩માં ઉનાળાની રજાઓમાં વામનભાઈ ફરીથી શિરડી ગયા



હતા. તે સમયે બાબાએ એમને આજકાલ કરી કરીને લગભગ અગિયાર મહિના શિરડીમાં રોક્યા હતા. શિરડીના આ થોડા દિવસના નિવાસ દરમ્યાન સાઈબાબા એમને રોજ ચાર-પાંચ ઘરે ભિક્ષા માગવા મોકલતા હતા. વામનભાઈના પૂર્વના કર્મને નષ્ટ કરવા માટે સાઈબાબાએ તેમની પાસે ગાયત્રી પુરશ્ચરણ કરાવી લીધુ અને તેમને સાધના કેમ કરવી તે શીખવ્યું હતું. જ્ઞાનેશ્વરી અને બીજા તત્સમ ગ્રંથોનું અધ્યયન કરાવી લીધું હતું. સાઈબાબાએ તેમને કંઈ કેટલી આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રદાન કરી હતી એટલું જ નહિ પણ સાઈબાબા એને ખૂબ પ્રેમથી બાબુ કહીને બોલાવવા લાગ્યા હતા. એક દિવસ વામનભાઈએ કંઈ ન પૂછ્યું છતાં આપે કાલે જવાનું છે આ શબ્દોમાં સાઈબાબાએ એમને શિરડી છોડી દેવાની આજ્ઞા આપી.

શિરડીના આ સહવાસને કારણે વામનભાઈના આર્ટિકલ ક્લાર્કની ઓફિસમાં વિચ્છેદ થયો. મુંબઈ પાછા ફર્યા બાદ તેઓ ફર્મના (કંપની) સૌથી જુના પાર્ટનર જહાંગીરને મળ્યા. ત્યારે તેમને કહેવામાં આવ્યું કે કાર્યકાળ દરમ્યાન ખંડ પડ્યો હોવાથી પહેલાના તેર મહિના છોડવા પડશે. અને વામનભાઈએ ફરીથી શરૂઆત કરી બે વર્ષ પૂરા કરવા પડશે.

આ સમયમાં પોલિસ પ્રોસ્ક્યુિટર અને નવસારીની સી. જે. એન. એલ. સ્કુલમાં શિક્ષકની નોકરી માટે એમને આમંત્રણ મળ્યું. સાઈબાબા સાથે થયેલી વાતો અનુસાર એમણે શિક્ષકની નોકરી સ્વીકારી. એક વર્ષની નોકરી પછી તે ફર્મના બીજા સાથી ગુલાબભાઈને મળ્યા. તેમણે વામનભાઈને મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશને આર્ટિકલ ક્લાર્કની નોકરી દરમ્યાન જે ગેપ પડ્યો હતો તેની માફી માટે અરજી કરવા કહ્યું. આ પ્રકારની અરજી પછી ન્યાયાધીશે ખંડ સમયને માફ કરી માત્ર અગિયાર મહિના પૂરા કરવાનો હુકમ કર્યો. મુંબઈ હાઈકોર્ટના ઈતિહાસમાં આ પ્રકારનું બીજુ કોઈ ઉદાહરણ નથી એવું કહેવાય છે.

૧૯૧૬માં એક દિવસ શિરડી જવાવાળા કેટલાક લોકો સાથે સાઈબાબા માટે ઉપહારમાં,માળા, ફૂલ જેવી વસ્તુ આપવાના હેતુએ તે રેલ્વે સ્ટેશન ગયા પરંતુ એકાએક એમના મનમાં શિરડી જવાની તીવ્ર ઈચ્છા નિર્માણ થઈ હોવાને કારણે માત્ર શરીર પર પહેરેલા કપડા સિવાય કોઈ પણ સામાન લીધા વિના તે શિરડી ગયા અને ત્યાં તે ત્રણ અઠવાડિયા રોકાયા હતા. એમને એવું લાગ્યુ હતું કે જાણે બાબા તેમની રાહ જોતા બેઠા હતા. તે સમયે શિરડીમાં બૂટી સાહેબના ઘરનું કામ ચાલતું હતું. જ્યારે તે ત્યાં ઊભા હતા ત્યારે એક મોટી શિલા તેમના માથા અને ખભા પર પડી

આ કારણે તે ત્યાં કેટલોક સમય બેહોશ પડી રહ્યા. બાબાની ચિકિત્સાથી તે થોડો જ સમયમાં હોશમાં આવી ગયા અને થોડા જ દિવસમાં જખમ રૂઝાઈ ગયો હતો. આ બનાવને કારણ કંઈ વર્ષો સુધી તેઓ સૉલિસિટરની પરીક્ષામાં બેસી ન શક્યા હતા.

માર્ચ ૧૯૧૭થી જાન્યુઆરી ૧૯૨૧ના સમય દરમ્યાન તેઓએ અમદાવાદ મૉડેલ હાઈસ્કુલના આચાર્ય પદવી ધૂરા સંભાળી હતી. ત્યારબાદ થોડો સમય તેઓએ કાંગા અને સયાની નામના સૉલિસિટર ફર્મમાં આસિસ્ટન્ટના પદ પર કામ કર્યું. ત્યારબાદ મનુ સુબેદારની પાયોનિયર રબર કંપનીમાં એક વર્ષ સુધી કામ કર્યું. નવેમ્બર ૧૯૨૩માં વામનભાઈએ સૉલિસિટરની પરીક્ષા પાસ કરી.

૧૯૨૪ થી ૧૯૩૨ સુધી તેઓએ પોતાનો મોટા ભાગનો સમય વિધિક્ષેત્રમાં સમર્પિત કર્યો. જાન્યુઆરી ૧૯૨૪થી સવા વર્ષ સુધી તેઓએ નાણાવટી એન્ડ કાં. નામની સૉલિસિટર ફર્મમાં કાર્યભાર સંભાળ્યો. ત્યારબાદ થોડા મહિના તેઓએ ચોકસી અને કંપનીમાં કામ કર્યું. જુલાઈ ૧૯૨૫ થી સપ્ટેમ્બર ૧૯૨૬ સુધી પરળકર એન્ડ પટેલ નામના ફર્મમાં હિસ્સેદાર પણ રહ્યા હતા. ત્યારબાદ તેમને અમદાવાદના મૉડેલ સ્કુલમાં આચાર્યપદ ગ્રહણ કરવાની ઈચ્છા થઈ પરંતુ ૧૯૨૧માં મુંબઈની વિધિ મહાવિદ્યાલયમાં તે પ્રોફેસર થયા. કંપની અને ઈનસોલવેનસિના કાયદા પર તેઓએ પુસ્તક લખ્યું. એક વર્ષ પછી તેઓએ આ નોકરી છોડીને ક્રાફર્ડ વેલી એન્ડ કંપની જે તે સમયની એક સુપ્રસિદ્ધ સૉલિસિટર ફર્મ હતી ત્યાં ૧૯૩૨ સુધી કામ કર્યું. ત્યારબાદ તેઓએ મુંબઈને અલવિદા કીધી. ૧૯૩૫ થી ૧૯૫૦ સુધી તેઓએ ઉમરેઠ ગામની હાઈસ્કુલના આચાર્યપદ શોભાવ્યું હતું.

સૉલિસિટર અને સ્કુલમાં આચાર્ય પદનાં કાર્યકાળ દરમ્યાન તેઓએ દફતરની બધી જવાબદારી ખૂબ સારી રીતે નિભાવી. પરંતુ સંસારમાં તેમનો વ્યવહાર નિર્લેપ હતો. કેમકે તેમનું મન ઈશ્વર ચરણોમાં-ગુરુ ચરણોમાં જોડાયેલું હતું. જૂન ૧૯૨૪ થી સપ્ટેમ્બર ૧૯૨૬ સુધી એમનું જીવનકાળ મોટી તપશ્ચર્યાનું હતું એવું સ્વામી શરણાનંદજીએ પોતાની જીવનકથામાં લખ્યું છે. આ સમય દરમ્યાન વ્યવહારિક દષ્ટિથી તેમને સારી એવી ધનપ્રાપ્તિ થઈ શકી નહી પરંતુ તેમને પોતાની પરમાર્થિક પ્રગતિ પર સંતોષ હતો.

તેમની પત્ની સૌભાગ્યવતી કલાવતી બહેનનું ૧૯૫૧માં મૃત્યુ થઈ ચૂક્યું હતું. તેમને એક પુત્ર અને એક પુત્રી હતી. પત્નીના મૃત્યુ બાદ પુત્રનું પણ મૃત્યુ થયું હતું. સાઈબાબાની કૃપાથી તેમની દીકરીની ગૃહસ્થી ઉત્તમ હતી. તેમનું નામ



સૌ. ત્રિવેણીબેન જોશી હતું. તેમને પણ સાઈબાબા પ્રત્યે અસીમ શ્રદ્ધા અને નિષ્ઠા હતી. તેઓએ અમદાવાદના સાઈ મંદિરમાં બાબાની ઘણી સેવા પણ કરી હતી. ૧લી ઓગષ્ટ ૧૯૭૮માં તેમનું પણ મૃત્યુ થયું.

વામનભાઈ હંમેશા આંતરસ્કુરણાથી લખતા હતા. તેઓએ દાસગણુની સાઈબાબાના ગુણવર્ણન પર સ્તવનમંજિરી અને અર્વાચીન ભક્ત સંતલીલામૃતના ૪ થા અધ્યાયનો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. પરંત ૧૯૪૬માં તેઓએ સ્વતંત્ર રચનાની શરૂઆત કરી. આ વર્ષમાં તેઓએ શ્રી સાઈબાબા નામની ૫૧૧ પાનામાં સાઈબાબાની રસપૂર્ણ જીવનકથા ગુજરાતી ભાષામાં લખી. આ ગ્રંથને એટલું બહુમાન મળ્યું કે ૧૯૬૬ સુધીમાં તેની ૬ આવૃત્તિઓ પ્રકાશિત થઈ. સાઈબાબાના જીવનની ગાથા સમજવાની ઈચ્છા ધરાવનાર માટે આ ગ્રંથ મેવા સમાન છે. ૧૯૫૨માં વામનભાઈએ ''શ્રી સાઈલીલાખ્યાન'' આ પદ્યમય ગ્રંથ ગુજરાતી ભાષામાં વિમોચિત કર્યો. ઉપરાંત શ્રી અન્નાસાહેબ દાભોલકરજીનું શ્રી સાઈસચ્ચરિત ગ્રંથ તેઓએ ઓવી છંદમાં અનુવાદ કરીને ગુજરાતના સાઈભક્તોને સદૈવ ઉપકૃત કરી રાખ્યા.

ગુજરાતમાં કંઈ વર્ષોથી સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક સદ્રુચિને વધુ પોષવા સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય નામની સંસ્થા કાર્યરત છે. આ સંસ્થાની એક મોટી પ્રેસ અમદાવાદમાં છે. શ્રી મનુ સુબેદારજી પોતાના છેલ્લા શ્વાસ સુધી તેના પ્રમુખ હતા. આ સંસ્થા અખંડ આનંદ નામનું માસિક પણ પ્રકાશિત કરે છે. ઉપરોક્ત સંસ્થા સસ્તુ, ઉત્તમ અને વિપુલ વાઙમય ગુજરાતની જનતાને ઉપલબ્ધ કરાવે છે. ૧૧-૧૨-૧૯૫૦માં મનુ સુબેદારજીએ વામનભાઈને આ સંસ્થામાં સમાવી લીધા. આ સંસ્થાએ વામનભાઈના ઘણા પુસ્તકો પ્રકાશિત કર્યા છે. ભગવદ્ગીતા શ્રી શંકરાચાર્ય, મનુષ્યધર્મ સતી સાવિત્રી, શ્રી પ્રહલાદ, અંબરીષ, સુકદેવ, ગજેન્દ્ર મોક્ષ, સંત જ્ઞાનદેવ, ધર્મકથા, ચાંગદેવી પાસષ્ટી, નિત્યપાઠ, જય અને નામસ્મરણ, શ્રી રામકૃષ્ણ વચનામૃત, સિદ્ધાંત માલા જેવા પુસ્તકો પ્રકાશિત પુસ્તકોમાં પ્રમુખ છે. વામનભાઈના મનમાં સંસારના બધા પાસાઓથી મુક્ત થઈ સંન્યાસાશ્રમ સ્વીકારવાની ઈચ્છા ઘણા દિવસોથી હતી. આ હેતુથી તેઓએ ૩૧મી માર્ચ, ૧૯૫૩માં પોતાને સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયની જવાબદારીમાંથી મુક્ત કર્યા અને ૧૨ મી જુલાઈ ૧૯૫૩માં ડાકોરના સંન્યાસી મઠમાં જઈ સંન્યાસ ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો. તે અનુસાર ૧૨-૭-૧૯૫૩માં આ વિધિ પૂરી થઈ. હવે વામનભાઈએ સ્વામી શ્રી સાઈશરણાનંદ નામ ધારણ કર્યું. આચાર્ય દ્વારા જે મહાવાક્યોનો ઉપદેશ થાય છે તે ઉપદેશ સાઈબાબા

પાસેથી વામનભાઈ પહેલેથી જ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. સાઈબાબાએ તેમને તે સારા તત્વોનું અનુમાન સહિત જ્ઞાન વરસો પહેલા જ પ્રદાન કરી દીધુ હતું. આ કારણે વામનભાઈએ સંન્યાસ ગ્રહણ કરતી વખતે કોઈને પણ પોતાના ગુરુ નહી કર્યા એવું એમણે સ્વયં લખી રાખ્યું છે. ત્યારબાદ ૨૯ વર્ષ તેઓએ તપસ્વી જીવન પસાર કર્યું. ૨૫મી ઓગષ્ટ ૧૯૮૨ મધ્યરાત્રિ સમાપ્ત થવાના ૨૦ મિનિટ પછી અંગ્રેજી સમય અનુસાર ગુરુવારે સ્વામી શરણાનંદ આત્મતત્વમાં વિલીન થઈ બ્રહ્મીભૂત થયા. અમદાવાદમાં નીચે દર્શાવેલ સ્થળ પર એમની સમાધિ છે.

૧૪/૧૫, પ્રકૃતિકુંજ સોસાયટી, ન્યુ શારદા મંદિર રોડ,
શ્રેયસ હાઈસ્કુલની સામે, અમદાવાદ-૩૮૦ ०૧૫.

એમના નિર્વાણ બાદ સાઈનાથને શરણે (૧૯૮૩) બ્રહ્મપરિમલ (૧૮૮૬) અને સિદ્ધામૃત ૧૯૮૭ આ ત્રણ પુસ્તક પ્રસિદ્ધ થયા. આ બધા પુસ્તકો એમના આત્મજ્ઞાનના સાક્ષી છે. જેમાં પોતાનું પાંડિત્યનું લેશમાત્ર પણ અભિમાન નહી હતું. તેમનું વ્યક્તિત્વ લોભાવનારું હતું. તે સ્વભાવથી વિનયશીલ હતા. સાઈશરણાનંદની તપશ્ચર્યા વિપુલ હતી અને એમનો અધિકાર પણ મોટો હતો. એમના સહવાસમાં આવેલા બધા સાઈભક્તોને આ વાતની જાણકારી હતી. એમને ઘણી સિદ્ધિઓ પણ પ્રાપ્ત થઈ ચૂકી હતી. તેઓએ ક્યારે પણ આ વાતનો ઢંઢેરો નથી પીટ્યો.

શ્રી સાઈચરિત્રના ૪૦મા અધ્યાયમાં સાઈબાબાએ દહાણુના મામલતદાર શ્રી બાલાસાહેબ દેવના વ્રત સમાપ્તિ (વ્રત ઉજવણી)નું આમંત્રણ સ્વીકારતી વખતે સૂચવ્યું હતું કે બાબા પોતે બાપુસાહેબ જોગ અને એક ત્રીજુ ત્યાં ઉપસ્થિત થઈને ભોજન લેશે. અને આમા ત્રીજા તે વામનભાઈ હતા. જેની જાણકારી ખૂબ જ ઓછા માણસને છે. સાઈબાબાએ બે શિષ્યો સાથે બંગાલી સંન્યાસી વેશમાં જઈને પોતાનું વચન નિભાવ્યું, પરંતુ મામલતદાર દેવ માયાપટલને કારણે બાબાની લીલા સમજી નહી શક્યા. આ સરસ કથા ઉપરોક્ત અધ્યાયમાં છે. પ્રસિદ્ધિ મળસમાન છે આ વામનભાઈની સ્પષ્ટોક્તિ છે. આ કારણે પ્રસિદ્ધિના ઉજાસથી તેઓ હંમેશા દૂર રહ્યા જે એમની મહાનતાની નિશાની છે.

★ ★ ★



# શ્રી બલ્બબાબા – ટૂંકો પરિચય

બલ્બબાબા પોતાના જમાનામાં ઔરંગાબાદમાં એક કુતુહલના વિષય હતા. ત્યાંના કેટલાક હિન્દુ લોકો તેમને પાકિસ્તાની ગુપ્તચર માનતા હતા. અને મુસ્લિમ સમાજના કેટલાક લોકો તેમને પોલિસનો માણસ માનતા હતા. ત્યાંના લોકો એમને ફકીરના રૂપમાં જાણતા હતા. તે દરરોજ બપોરે ઔરંગાબાદના ગુલમંડી સ્થિત મારૂતિ મંદિરમાં આવતા હતા. ખાસ કરીને ઔરંગાબાદના પ્રવાસી માર્ગદર્શકો (ટૂરીસ્ટ ગાઈડ) પ્રવાસીઓને એક ફકીર મધુર હાસ્ય જોવાના હેતુથી ત્યા લઈ જતા હતા.

શ્રી વસંત ન. લીમયે સી.આઈ.ડી. ઈન્ટેલિજન્સ વિભાગમાં ૩૮ વર્ષની સેવા આપ્યા બાદ સીનિયર ઈન્ટેલિજન્સ ઓફીસરનું પદ પામીને ડિસેમ્બર ૧૯૯૪માં નિવૃત્ત થયા. તે નિવૃત્ત થયા પછી ઔરંગાબાદમાં સ્થાયી થયા. તે પોતે બલ્બબાબાને જાણતા હતા. તેમણે બલ્બબાબાનું નામ, રહેઠાણ, સાધના, સિદ્ધિ, પોશાક અને સમાધિની જાણકારી મેળવી હતી. બલ્બબાબાના વિશે તેમણે જે જાણકારી આપી હતી તેને આધારે વિચારોનું નિમ્નલિખીત સંકલન કર્યું છે. તેમના મત અનુસાર બલ્બબાબાનું પૂરું નામ આશારામ યશવંત અથવા યેસૂજી વણકર હતું. બાવરા ગામના માળી સમાજના એક પરિવારમાં તેમનો જન્મ થયો હતો. બાવરા ગામ ઔરંગાબાદ જિલ્લાના સિલ્લોડ તાલુકામાં ઔરંગાબાદથી ૫૫ કિ.મી. દૂર આવેલું છે. બાવરા ગામમાં એક બાલાજી અને ગણપતિનું જૂનું મંદિર છે. આશારામ હરણાબાઈના પુત્ર હતા. તેમને પૂતળાબાઈ નામની સાવકી મા પણ હતી.

આશારામના લગ્ન સૌ. મથુરા સાથે થયા હતા. તેમને એક બાળક પણ હતું. પરંતુ જન્મ્યાના બે મહિના પછી તે બાળક મૃત્યુ પામ્યું હતું. આ કારણે ૧૯૪૭માં ઘર પરિવાર છોડીને આશારામ ઔરંગાબાદ ગયા. ઔરંગાબાદમાં થોડા દિવસ તેઓ ઘોડાગાડી ચલાવતા રહ્યા. ત્યારપછી તે એક કપડાંની મિલમાં નોકરી કરતા હતા. મિલમાં દુર્ઘટના થવાને કારણે તેમણે નોકરી છોડી દીધી અને તે નાસિક જતા રહ્યા ત્યાં એમનો ભત્રીજો કિસનરાવ વણકર એમને પાછા ઔરંગાબાદ લઈ

ગયો અને પોતાના કાકાને પોતાની પાસે રાખી લીધા. કચરુજી સ્ટેશન રોડની ન્યુ પંજાબ હોટલમાં સુપરવાઈઝરના પદ પર કામ કરતા હતા અને ઉસ્માનપુર મહોલ્લામાં રહેતા હતા.

ત્યારપછી આશારામજી ધ્યાન, ધારણા અને સાધના કરવાના હેતુથી કચનેર ગયા. આ સ્થાન ઔરંગાબાદના માર્ગથી અંદાજે ૪૦ કિ.મી. પર આવેલું છે. ત્યાં શિવજી અને માતાજીના મંદિર છે. આશારામજી રુઢાર્થના અર્થમાં શિક્ષિત ન હતા પરંતુ તેમની આધ્યાત્મિક સાધનાથી તેમને વાચાસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. આધ્યાત્મના અભ્યાસના કારણે આધ્યાત્મશાસ્ત્રમાં તેઓ વધુ આગળ પહોંચેલા હતા એવું માનવામાં આવે છે. કેટલાક લોકોને તેના આધ્યાત્મિક સામર્થ્યનો અનુભવ થયો હતો. તે લોકોમાં પોતે લેખક શ્રી વિ. બા. ખેર પણ હાજર હતાં.

કચનેરથી ઔરંગાબાદ પાછા ફર્યા બાદ થોડા દિવસ માટે તેમણે પોતાની ઝૂંપડી ગામના કબ્રસ્તાનની ખાલી જગ્યામાં બનાવી હતી. ત્યાં તેમના પર સમાજના દુષ્ટ માણસોના ઉપદ્રવને કારણે તે ઔરંગાબાદમાં પૈઠણદ્વારની નજીક ''કાનફાટ્યા મારુતિ'' મંદિરમાં ૧૯૫૬-૫૭ના સમયમાં તેઓ ત્યાં રહ્યા. આ મંદિરનું છત પહેલા પતરાનું હતું તે છતની નીચે બલ્બબાબા સૂતા હતા.

આશારામજીની વેશભૂષા અત્યંત અનોખા પ્રકારની હતી. તેઓ સોલાપૂરી ચાદર કે ધાબળાનું વસ્ત્ર ગળાથી પગની એડી સુધી પહેરતા હતા. એમના માથા પર વાસુદેવની જેમ મોરપીંછની ટોપી રહેતી હતી. એ ટોપી પર તેઓ રંગબેરંગી અને અનેક આકારના બલ્બ, મોરના પીંછા, કોડિયા અને રૂદ્રાક્ષની માળા બાંધતા હતા. બન્ને હાથોમાં અનેક પ્રકારની ધાતુઓના કડા પહેરતા હતા. ટાયરથી બનાવેલી ફેન્સી ચંપલ પહેરતા હતા. એમના આવા પ્રકારના પોશાકને કારણે લોકો તેમને બલ્બબાબાના નામથી બોલાવતા હતા.

બપોરના સમયમાં તેઓ ગુલમંડી વિભાગની કોઈ એક દુકાનની સામે જઈને ઊભા રહેતા હતા. ત્યારે તે દુકાનની ખરીદીમાં વધારો થતો હતો. એવો લોકોનો અનુભવ હતો. ત્યાં નજીકમાં એક મેવાડી હોટલ હતી. તે હોટલના માલિકને બલ્બબાબા માટે ઘણો આદર હતો. તેમણે હોટલના નોકરોને કહી રાખ્યું હતું કે જ્યારે પણ બલ્બબાબા હોટલમાં પધારે ત્યારે એમનું યોગ્ય સન્માન અને મહેમાનગીરી



થવી જોઈએ.

૧૯૮૨ના ડિસેમ્બરમાં ઔરંગાબાદના ટૂરિસ્ટ ગાઈડ શ્રી કે. કે. જુવડે, વિ. બા. ખેર અને તેમની પત્નીને લઈને બલ્બબાબાના દર્શનના હેતુથી ગયા હતા. ખૂબ જ ઓછુ બોલવાવાળા વ્યક્તિના નામથી બલ્બબાબાની કિર્તી હતી. છતાં પણ એકધારી ૪૫ મિનિટ સુધી બલ્બબાબાએ ખેર દંપતીને શુદ્ધ વેદાન્ત પર ઉપદેશ આપ્યો હતો. એ દરમ્યાન એમણે કબીરના દોહા, સાખી વગેરેનો યોગ્ય ઉપયોગ પણ કર્યો હતો. વાતચીતના અંતે ખેરજીએ બલ્બબાબાને પ્રણામ કર્યા અને ૨૦ રૂપિયા દક્ષિણા આપી ત્યારે એમણે આશીર્વાદ આપ્યા કે તમારા થકી પાથરીમાં ૨૦ લાખ રૂપિયાનું મંદિરનું કાર્ય પૂર્ણ થશે અને દેશના ખૂણે ખૂણેથી લોકો ત્યાં દર્શન માટે આવશે. ખરેખર હકીકતમાં સાકાર થયેલું સાઈ મંદિરને જોવાનું ભાગ્ય ખેરજીને મળ્યું આ એક અસાધારણ ઘટના છે.

તારીખ સાતમી ઓક્ટોબર ૧૯૯૧ (ભાદરવાની કૃષ્ણપક્ષની સોમવતી અમાસ) સોમવારે સૂર્યોદયના સમયે બલ્બબાબાનું અવસાન થયું તે સમયે પ્લોટ નં ૧૫૨ ગાંધીનગર, ફાયરબ્રિગેડની પાછળ એક ઓરડામાં તેઓ રહેતા હતા. બલ્બબાબાની જન્મતિથિ ચોક્કસ ખબર પડતી ન હોવાને કારણે તેમની ઉંમરનો અંદાજ મેળવવો મુશ્કેલ છે. મૃત્યુના સમયે તેમની ઉંમર ૮૦-૮૫ વર્ષ જેટલી હોવી જોઈએ એવું માનવામાં આવે છે. એમના મૃત્યુ સ્થાન પર એમની સમાધિનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સમાધિની ઉપર જ્યાં તેઓ રહેતા હતા ત્યાં એમની મોટી તસ્વીર અને એમણે ઉપયોગ કરેલા વસ્ત્રો, પલંગ, લાકડાનો હીંચકો, થાળી, વાટકી, લોટા વગેરે વસ્તુઓ યોગ્ય રીતે રાખવામાં આવી છે.

★ ★ ★

# પાથરી સાઈ જન્મસ્થાન મંદિરમાં ઉજવાતા વાર્ષિક ઉત્સવો

## ત્રણ દિવસના ઉત્સવો

૧. શ્રી રામનવમી (ચૈત્ર સુદ નોમ)
૨. વ્યાસ - ગુરૂપૂર્ણિમા (અષાઢ)
૩. વિજયાદશમી (દશેરો) (આસો સુદ દસમ)

## એક દિવસના ઉત્સવો

૧. હનુમાન જ્યંતિ (ચૈત્ર પૂનમ)
૨. સ્વામી સાઈશરણાનંદ જ્યંતિ (૫ મી એપ્રિલ)
૩. શ્રી કૃષ્ણ જ્યંતિ (શ્રાવણ વદ આઠમ)
૪. સ્વામી સાઈશરણાનંદ પૂણ્યતિથિ (૨૬મી ઓગષ્ટ)
૫. શ્રી બલ્બબાબા પૂણ્યતિથિ (૭મી ઓક્ટોબર)
૬. શ્રી દત્તાત્રેય જ્યંતિ (માગસર પૂનમ)



# શ્રી સાઈબાબા અષ્ટોત્તરશતક નામાવલિ

આ નામાવલિ ચેન્નાઈના ઓલ ઈન્ડિયા સાઈ સમાજ ટ્રસ્ટના સંસ્થાપક શ્રી બી. વ્હી. નરસિંહસ્વામીની રચના છે. આ નામાવલિ શ્રી સાઈની મૂર્તિ અથવા સિક્કાના અભિષેક કરતી વખતે પઠન કરવાના હેતુ માટે ઉપયોગી છે.

૧. ૐ શ્રી સાઈનાથાય નમઃ
શ્રી સાઈનાથને પ્રણામ
૨. ૐ લક્ષ્મીનારાયણાય નમઃ
લક્ષ્મીનારાયણરૂપી સાઈનાથને પ્રણામ
૩. ૐ કૃષ્ણરામશિવમારુત્યાદિરૂપાય નમઃ
કૃષ્ણ, રામ, શિવ, મારૂતિ બધા રૂપી સાઈનાથને પ્રણામ
૪. ૐ શેષશાયિને નમઃ
શેષ નાગ ઉપર નિદ્રા કરનાર વિષ્ણુ સાઈનાથને પ્રણામ
૫. ૐ ગોદાવરીતટશીલધીવાસિને નમઃ
ગોદાવરીને કિનારે સ્થિર શીલધી શિરડી રહેવાવાળા સાઈનાથને પ્રણામ
૬. ૐ ભક્તહૃદાલયાય નમઃ
ભક્તોના હૃદયનિવાસી સાઈનાથને પ્રણામ
૭. ૐ સર્વહૃન્નિલયાય નમઃ
જગતના હૃદય નિવાસી સાઈનાથને પ્રણામ
૮. ૐ ભૂતાવાસાય નમઃ
બધા પ્રાણીમાત્રમા નિવાસી સાઈનાથને પ્રણામ
૯. ૐ ભૂતભવિષ્યભ્દાવ વર્જિતાય નમઃ
ભૂત ભવિષ્ય ઘટનાઓથી પર સાઈનાથને પ્રણામ
૧૦. ૐ કાલાતીતાય નમઃ
કાલથી પર સાઈનાથને પ્રણામ

૧૧. ૐ કાલાય નમઃ
કાલ સ્વરૂપ સાઈનાથને પ્રણામ
૧૨. ૐ કાલકાલાય નમઃ
કાળતત્વના કાળરૂપ સાઈનાથને પ્રણામ
૧૩. ૐ કાલદર્પદમનાય નમઃ
કાલદર્પના દમન કરવાવાળા સાઈનાથને પ્રણામ
૧૪. ૐ મૃત્યુંજયાય નમઃ
મૃત્યુને જીતવાવાળા સાઈનાથને પ્રણામ
૧૫. ૐ અમર્ત્યાય નમઃ
અમર રહેવાવાળા સાઈનાથને પ્રણામ
૧૬. ૐ મર્ત્યાભયપ્રદાય નમઃ
મૃત્યુથી ભયભીત જીવોને અભય આપનાર સાઈનાથને પ્રણામ
૧૭. ૐ જીવાધારાય નમઃ
જીવના આધારમૂળ સાઈનાથને પ્રણામ
૧૮. ૐ સર્વાધારાય નમઃ
આખા જગતના આધારભૂત સાઈનાથને પ્રણામ
૧૯. ૐ ભક્તાવનસમર્થાય નમઃ
ભક્તોની રક્ષા કરવાવાળા સાઈનાથને પ્રણામ
૨૦. ૐ ભક્તાવનપ્રતિજ્ઞાય નમઃ
ભક્તોની પ્રતિજ્ઞાને રક્ષણ કરનાર સાઈનાથને પ્રણામ
૨૧. ૐ અન્નવસ્ત્રદાય નમઃ
અન્નવસ્ત્ર આપનારા સાઈનાથને પ્રણામ
૨૨. ૐ આરોગ્યક્ષેમદાય નમઃ
આરોગ્ય અને સ્વસ્થતા આપનારા સાઈનાથને પ્રણામ
૨૩. ૐ ધનમાઙ્ગલ્યપ્રદાય નમઃ
ધન અને માંગલ્ય આપનાર સાઈનાથને પ્રણામ



૨૪. ૐ ઋદ્ધિસિદ્ધિદાય નમઃ
સંપન્નતા અને યશ આપનાર સાઈનાથને પ્રણામ
૨૫. ૐ પુત્રમિત્રકલત્રબન્ધુદાય નમઃ
પુત્ર, મિત્ર, પત્ની અને ભાઈ આપનાર સાઈનાથને પ્રણામ
૨૬. ૐ યોગક્ષેમવહાય નમઃ
અપ્રાપ્ય વસ્તુની પ્રાપ્તિ અને પ્રાપ્ય વસ્તુની રક્ષા કરનાર સાઈનાથને પ્રણામ
૨૭. ૐ આપદ્બાન્ધવાય નમઃ
આપત્તિ દૂર કરનાર પિતા સાઈનાથને પ્રણામ
૨૮. ૐ માર્ગબન્ધવે નમઃ
જીવનયાત્રા સાથે સંબંધિત સાઈનાથને પ્રણામ
૨૯. ૐ ભુક્તિમુક્તિસ્વર્ગાપવર્ગદાય નમઃ
ભોગ, મુક્તિ અને જન્મમૃત્યુના ચક્રમાંથી છોડનાર સાઈનાથને પ્રણામ
૩૦. ૐ પ્રિયાય નમઃ
પ્રિય સ્વરૂપ સાઈનાથને પ્રણામ
૩૧. ૐ પ્રીતિવર્ધનાય નમઃ
પ્રેમભાવના વધારનાર સાઈનાથને પ્રણામ
૩૨. ૐ અન્તર્યામીણે નમઃ
અંતઃકરણમાં રહીને હકુમત ચલાવનાર સાઈનાથને પ્રણામ
૩૩. ૐ સચ્ચિદાત્મને નમઃ
સત્ અને ચિત્વાળા આત્મારૂપ સાઈનાથને પ્રણામ
૩૪. ૐ નિત્યાનંદાય નમઃ
નિત્ય આનંદરૂપ સાઈનાથને પ્રણામ
૩૫. ૐ પરમસુખદાય નમઃ
અતિશ્રેષ્ઠ સુખ આપનાર સાઈનાથને પ્રણામ
૩૬. ૐ પરમેશ્વરાય નમઃ
પરમેશ્વરરૂપ સાઈનાથને પ્રણામ

૩૭. ૐ પરબ્રહ્મણે નમઃ
પરબ્રહ્મરૂપી સાઈનાથને પ્રણામ
૩૮. ૐ પરમાત્માને નમઃ
પરમાત્મારૂપી સાઈનાથને પ્રણામ
૩૯. ૐ જ્ઞાનસ્વરૂપિણે નમઃ
જ્ઞાનસ્વરૂપ સાઈનાથને પ્રણામ
૪૦. ૐ જગતઃ પિત્રે નમઃ
જગત પિતા સાઈનાથને પ્રણામ
૪૧. ૐ ભક્તાનાં માતૃધાતૃપિતામહાય નમઃ
ભક્તોની માતા, પાલનકર્તા અને પિતામહ સાઈનાથને પ્રણામ
૪૨. ૐ ભક્તાભયપ્રદાય નમઃ
ભક્તોને અભય આપનાર સાઈનાથને પ્રણામ
૪૩. ૐ ભક્તપરાધીનાય નમઃ
ભક્તોને અધીન રહેવાવાળા સાઈનાથને પ્રણામ
૪૪. ૐ ભક્તાનુગ્રહકાતરાય નમઃ
ભક્તો ઉપર અનુગ્રહ કરવા માટે સદૈવ કાતર થનાર સાઈનાથને પ્રણામ
૪૫. ૐ શરણાગતવત્સલાય નમઃ
શરણાગત વત્સલ સાઈનાથને પ્રણામ
૪૬. ૐ ભક્તિશક્તિપ્રદાય નમઃ
ભક્તિ અને શક્તિ દેવાવાળા સાઈનાથને પ્રણામ
૪૭. ૐ જ્ઞાનવૈરાગ્યદાય નમઃ
જ્ઞાન અને વૈરાગ્ય આપનાર સાઈનાથને પ્રણામ
૪૮. ૐ પ્રેમપ્રદાય નમઃ
પ્રેમ આપનાર સાઈનાથને પ્રણામ
૪૯. ૐ સંશયહૃદય દ્રૌર્બલ્ય પાપકર્મવાસના ક્ષયકરાય નમઃ
સંશય, ચિત્તની દુર્બળતા, પાપ કર્મ કરવાની ઇચ્છાને નષ્ટ કરનાર સાઈનાથને પ્રણામ



૫૦. ૐ હૃદયગ્રંથિભેદકાય નમઃ
હૃદયની ગાંઠ તોડનાર સાઈનાથને પ્રણામ
૫૧. ૐ કર્મધ્વંસિને નમઃ
કર્મ અને કર્મના ફળોનો નાશ કરવાવાળા સાઈનાથને પ્રણામ
૫૨. ૐ શુદ્ધસત્વસ્થિતાય નમઃ
શુદ્ધ સત્વગુણસ્થિત સાઈનાથને પ્રણામ
૫૩. ૐ ગુણાતીત ગુણાત્મને નમઃ
ગુણાતીત અને ગુણ ધારણ કરવાવાળા સાઈનાથને પ્રણામ
૫૪. ૐ અનંતકલ્યાણગુણાય નમઃ
અનંત કલ્યાણ કરવાવાળા સાઈનાથને પ્રણામ
૫૫. ૐ અમિતપરાક્રમાય નમઃ
અત્યંત પરાક્રમી સાઈનાથને પ્રણામ
૫૬. ૐ જયિને નમઃ
હંમેશા વિજય થનાર સાઈનાથને પ્રણામ
૫૭. ૐ દુર્ધર્ષાક્ષોભ્યાય નમઃ
બહારનું અનિયંત્રણ પરંતુ અંતરયામી અક્ષોભ્ય સાઈનાથને પ્રણામ
૫૮. ૐ અપરાજિતાય નમઃ
ક્યારેય પણ કોઈનાથી પણ પરાજિત ન થનારા સાઈનાથને પ્રણામ
૫૯. ૐ ત્રિલોકેષુ અવિઘાતગતયે નમઃ
ત્રણેય લોકમાં જેની ગતિ અવરોધ વિનાની છે એવા સાઈનાથને પ્રણામ
૬૦. ૐ અશક્યરહિતાય નમઃ
કંઈ પણ અશક્ય ન કરનાર સાઈનાથને પ્રણામ
૬૧. ૐ સર્વશક્તિમૂર્તયે નમઃ
બધી જ શક્તિઓના સાક્ષાતરૂપી સાઈનાથને પ્રણામ
૬૨. ૐ સુરુપસુંદરાય નમઃ
સારુંરૂપ વાળા અને સુંદર સાઈનાથને પ્રણામ

૬૩. ૐ સુલોચનાય નમઃ
સુંદર આંખોવાળા સાઈનાથને પ્રણામ
૬૪. ૐ બહુરૂપ વિશ્વમૂર્તયે નમઃ
સાક્ષાત બહુરૂપી વિશ્વમૂર્તિ સાઈનાથને પ્રણામ
૬૫. ૐ અરુપાવ્યક્તાય નમઃ
નિરાકાર અને અવ્યક્ત સાઈનાથને પ્રણામ
૬૬. ૐ અચિન્ત્યાય નમઃ
કલ્પનાતીત સાઈનાથને પ્રણામ
૬૭. ૐ સૂક્ષ્માય નમઃ
સૂક્ષ્મરૂપી સાઈનાથને પ્રણામ
૬૮. ૐ સર્વાન્તર્યામિણે નમઃ
બધા મનુષ્યના અંતરમાં રહેનારા સાઈનાથને પ્રણામ
૬૯. ૐ મનોવાગતીતાય નમઃ
મન અને વાણીના અતીત સાઈનાથને પ્રણામ
૭૦. ૐ પ્રેમમૂર્તયે નમઃ
સાક્ષાત પ્રેમરૂપી સાઈનાથને પ્રણામ
૭૧. ૐ સુલભદુર્લભાય નમઃ
સુલભતાથી અને દુર્લભતાથી પ્રાપ્ત થનાર સાઈનાથને પ્રણામ
૭૨. ૐ અસાહયસહાયાય નમઃ
અસહાયને મદદ કરનાર સાઈનાથને પ્રણામ
૭૩. ૐ અનાથનાથ દીનબંધવે નમઃ
અનાથોના નાથ અને ગરીબોના બંધુ સાઈનાથને પ્રણામ
૭૪. ૐ સર્વભારભૃતે નમઃ
ભક્તોના બધા દુઃખ દૂર કરનાર સાઈનાથને પ્રણામ
૭૫. ૐ અકર્માનેક કર્મ સુકર્મિણે નમઃ
ભક્તોના કેટલાક અકર્મ અને સારા કર્મરૂપી સાઈનાથને પ્રણામ



૭૬. ૐ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ
જેનુ શ્રવણ અને કીર્તન પુણ્યમય છે એવા સાઈનાથને પ્રણામ
૭૭. ૐ તીર્થાય નમઃ
સાક્ષાત તીરથરૂપી સાઈનાથને પ્રણામ
૭૮. ૐ વાસુદેવાય નમઃ
સાક્ષાત વાસુદેવરૂપી સાઈનાથને પ્રણામ
૭૯. ૐ સતાં ગતયે નમઃ
સત્પુરુષોની ગતિ કરાવનાર સાઈનાથને પ્રણામ
૮૦. ૐ સત્પરાયણાય નમઃ
સત્પુરુષોનું અંતિમ ધ્યેય થનાર સાઈનાથને પ્રણામ
૮૧. ૐ લોકનાથાય નમઃ
બધા મનુષ્યના સ્વામી સાઈનાથને પ્રણામ
૮૨. ૐ પાવનાનઘાય નમઃ
પવિત્ર અને પાપથી મુક્ત સાઈનાથને પ્રણામ
૮૩. ૐ અમૃતતાંશવે નમઃ
અમૃત કિરણરૂપી સાઈનાથને પ્રણામ
૮૪. ૐ ભાસ્કરપ્રભાય નમઃ
સૂર્ય સમાન તેજસ્વી સાઈનાથને પ્રણામ
૮૫. ૐ બ્રહ્મચર્ય તપશ્ચર્યાદિ સુવ્રતાય નમઃ
બ્રહ્મચર્ય, તપશ્ચર્યા વગેરે સુવ્રતરૂપી સાઈનાથને પ્રણામ
૮૬. ૐ સત્યધર્મપરાયણાય નમઃ
સત્ય ધર્મ પર નિષ્ઠા રાખનાર સાઈનાથને પ્રણામ
૮૭. ૐ સિદ્ધેશ્વરાય નમઃ
સિદ્ધોના ભગવાન સાઈનાથને પ્રણામ
૮૮. ૐ સિદ્ધસંકલ્પાય નમઃ
જેના સંકલ્પ હંમેશા પૂરા થાય છે એવા સાઈનાથને પ્રણામ

૮૯. ૐ યોગેશ્વરાય નમઃ
યોગીજનોના ભગવાન સાઈનાથને પ્રણામ

૯૦. ૐ ભગવતે નમઃ
ભગવાન સાઈનાથને પ્રણામ

૯૧. ૐ ભક્તવત્સલાય નમઃ
ભક્તો પ્રત્યે વત્સલરૂપ ધારણ કરનારા સાઈનાથને પ્રણામ

૯૨. ૐ સત્પુરુષાય નમઃ
સત્પુરુષ સાઈનાથને નમસ્કાર

૯૩. ૐ પુરુષોત્તમાય નમઃ
પુરુષોમાં ઉત્તમ સાઈનાથને નમસ્કાર

૯૪. ૐ સત્યતત્વબોધકાય નમઃ
સત્ય તત્વોનો બોધ કરનારા સાઈનાથને પ્રણામ

૯૫. ૐ કામાદિષડ્વૈરિધ્વંસિને નમઃ
કામ વગેરે ષડરિપુઓનો નાશ કરનારા સાઈનાથને પ્રણામ

૯૬. ૐ અભેદાનન્દાનુભવપ્રદાય નમઃ
અદ્વૈતના આનંદનો અનુભવ આપનાર સાઈનાથને પ્રણામ

૯૭. ૐ સમસર્વમતસંમતાય નમઃ
બધા ધર્મ સમાન છે આ તત્વની મંજૂરી દેનાર સાઈનાથને પ્રણામ

૯૮. ૐ શ્રી દક્ષિણામૂર્તયે નમઃ
શ્રી દક્ષિણામૂર્તિરૂપી દક્ષિણ દિશામાં મુખ રાખનાર શિવ સ્વરૂપ સાઈનાથને પ્રણામ

૯૯. ૐ શ્રી વેંકટેશરમણાય નમઃ
શ્રી વેંકટેશ જેનુ સુખ છે એ સાઈનાથને પ્રણામ

૧૦૦. ૐ અદ્‌ભૂતાનન્દચર્યાય નમઃ
અલૌકિક આનંદનો હંમેશા અનુભવ લેનાર સાઈનાથને પ્રણામ

૧૦૧. ૐ પ્રપન્નાતિહરાય નમઃ
શરણે આવેલાના દુઃખ દૂર કરનાર સાઈનાથને પ્રણામ



૧૦૨. ૐ સંસાર સર્વદુઃખ ક્ષયકરાય નમઃ
સંસારના બધા દુઃખોનો નાશ કરનાર સાઈનાથને પ્રણામ

૧૦૩. ૐ સર્વવિત્સર્વતોમુખાય નમઃ
બધું જાણનાર સાઈનાથને પ્રણામ

૧૦૪. ૐ સર્વાન્તર્બહિઃસ્થિતાય નમઃ
આખા જગતની અંદર અને બહાર રહેનાર સાઈનાથને પ્રણામ

૧૦૫. ૐ સર્વમઙ્ગલકરાય નમઃ
સર્વ મંગલ કરનાર સાઈનાથને પ્રણામ

૧૦૬. ૐ સર્વાભિષ્ટપ્રદાય નમઃ
બધી મનોકામના પૂરી કરનાર સાઈનાથને પ્રણામ

૧૦૭. ૐ સમરસસન્માર્ગસ્થાપનાય નમઃ
બ્રહ્મ તાદાત્મ્યના સન્માર્ગનું સ્થાપન કરનાર સાઈનાથને પ્રણામ

૧૦૮. ૐ શ્રી સમર્થ સદ્‌ગુરૂસાઈનાથાય નમઃ
શ્રી સમર્થ અને સદ્‌ગુરૂ સાઈનાથને પ્રણામ

★ ★ ★

# નામસ્મરણનું મહત્વ

★ પ્રારબ્ધની તીવ્રતા ઓછી હોય છે.

★ પ્રારબ્ધ સહન કરવાની શક્તિ વધે છે.

★ સંસારની સમસ્યાઓ ઓછી હોય છે.

★ પરિસ્થિતિને સહન કરવાની ક્ષમતા વધારે છે.

★ સમાધાનની પ્રાપ્તિ થાય છે.

★ વાસ્તુથી શુદ્ધિ થાય છે.

★ ઘરમાં શાંતિ અનુભવાય છે.

★ પ્રેમભાવનું સર્જન થાય છે.

★ ઘરમાં ભગવાનની હાજરી રહે છે.

★ સંકટનો સામનો કરી શકે છે.

★ ચિંતા નાશ પામે છે, કાયરતા લુપ્ત થઈ જાય છે.

★ સ્વભાવમાં પરિવર્તન આવે છે.

★ જરૂરિયાત ઓછી થઈ જાય છે.

★ ભગવાન સાથે મિલન થાય છે.



# અહંભાવ કેવી રીતે ઓછો કરવો ?

★ દિવસભરની વાતચીતમાં હું, મારું, મને આ શબ્દનો ઓછો ઉપયોગ કરવો.

★ બધી કૃતિ ઈશ્વરને અર્પણ કરવાથી આપણો અહંકાર ઓછો થાય છે.

★ કામયાબીનું કારણ ફક્ત મારી કૃતિ છે એવું ક્યારેય વિચારવું પણ નહીં.

★ ફળની અપેક્ષા રાખ્યા વિના કાર્ય કરવાથી પોતાનો અહંકાર ઓછો થાય છે.

★ આપણી શ્રદ્ધા વધવાથી અહં આપો આપ ઓછો થઈ જાય છે.

★ આપણું સાંભળી લેવાની ક્ષમતા વધવાથી અહં ઓછો થાય છે.

★ બીજાને શીખવવાના બદલે હંમેશા બીજા પાસેથી શીખતા રહેવું જોઈએ.

★ મને કોઈ સમજતું નથી એવા પ્રકારની ધારણાથી અહંકાર ઓછો થાય છે.

★ બીજાના ગુણોનું ચિંતન કરવાથી આપણો અહંકાર ઓછો થાય છે.

★ મારા મનમાં થોડો પણ અહંભાવ નથી એવી વિચારણાથી થોડો અહંકાર ઉદ્‌ભવે છે.

★ બીજાની સેવા કરવાથી પોતાનો અહંકાર ઓછો થાય છે.

★ અર્પણ કરવાથી, કૃતજ્ઞતા વ્યક્ત કરવાથી અને પ્રાર્થના કરવાથી અહંકાર ઓછો થાય છે.

★ કાયિક, વાચિક અને માનસિક સ્વાર્થ ઓછો કરવાથી અહંકાર ઓછો થાય છે.

★ દેહબુદ્ધિની કમીથી અહંકાર ઓછો થાય છે.

★ પોતાના વિકાર પર કાબુ રાખવાથી અને વિકાર ઓછો કરવાથી પણ અહંકાર ઓછો થાય છે.

★ સલાહ ન આપવાથી, બીજાની વાતો ન કાપવાથી કે ફરિયાદ ન કરવાથી પણ અહં ઓછો થાય છે.

★ વિશ્વની વ્યાપ્તિમાં પોતાની તુલના કરવાથી અહં ઓછો થાય છે.



# શ્રી સાઈ મરાઠી આરતી

આરતી સાઈબાબા, સૌખ્ય દાતાર જીવા,
ચરણરજાતલીં, ધાવાં દાસાં વિસાવા...ભકતાં વિસાવા...આરતી...
જાળુનિયાં અનંગ, સ્વસ્વરૂપીં રાહે દંગ,
મુમુક્ષુજના દાવી, નિજ ડોળા શ્રી રંગ...ડોળા શ્રીરંગ...આરતી... (૧)
જયા મનીં જૈસા ભાવ, તયા તૈસા અનુભવ
દાવિસી દયાધના, ઐસી તુઝી હી માવ...તુઝી હી માવ...આરતી...(૨)
તુમચેં નામ ધ્યાતાં, હરે સંસૃતિવ્યથા,
અગાધ તવ કરણી, માર્ગ દાવિસી અનાથા...દાવિસી અનાથા...આરતી (૩)
કલિયુગીં અવતાર, સગુણ પરબ્રહ્મ સાચાર,
અવતીર્ણ ઝાલાસે સ્વામી દત્ત દિગંબર...દત્ત દિગંબર...આરતી...(૪)
આઠાં દિવસાં ગુરુવારી, ભક્ત કરિતી વારી
પ્રભુપદ પહાવયાં ભવભય નિવારી...ભય નિવારી...આરતી (૫)
માઝા નિજ દ્રવ્ય ઠેવા, તવ ચરણરજ સેવા,
માગણેં હેંચિ આતાં, તુમ્હાં દેવાધિદેવા...દેવાધિદેવા...આરતી (૬)
ઇચ્છિત દીન ચાતક, નિર્મલ તોય નિજસુખ,
પાજાવેં માધવાયા, સાંભાળ આપુલી ભાક...આપુલીભાક...આરતી...(૭)
આરતી સાઈબાબા, સૌખ્ય દાતાર જીવા,
ચરણરજાતલીં, ધાવાં દાસાં વિસાવા...ભકતાં વિસાવા...આરતી...

# કપૂર આરતી

કપૂર ગૌરં, કરુણાવતારં, સંસાર સારં ભુજગેન્દ્ર હારમ્,
સદા વસંતમ્, હદયાર વિન્દે, ભવમ્ ભવાનિ સવિતમ્ નમામિ.
મંગલં ભગવાન વિષ્ણુ, મંગલં ગરુડધ્વજ,
મંગલં પુન્ડરીકાક્ષ, મંગલાયતનો હરિ,
સર્વ મંગલ માંગલ્યે, શિવે સર્વાર્થ સાધિકે,
શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણિ નમોસ્તુતે.

**અનંતકોટિ બ્રહ્માંડનાયક રાજાધિરાજ યોગીરાજ પરબ્રહ્મ**
**શ્રી સચ્ચિદાનંદ સદ્‌ગુરૂ સાઈનાથ મહારાજ કી જય.**